
# ધન ધન શાસન-મંડન મુનિવરા



વિજયશીલચન્દ્રસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધન ધન શાસન-મંડન મુનિવરા

: લેખક :

વિજયશીલચન્દ્રસૂરિ

: ચિત્રાલેખન :

શ્રી જયપંચોલી

પાઠશાળાના વિદ્યાર્થીઓને ભેટ
પ્રેરક- આ.શ્રીવિજયશીલચન્દ્રસૂરીશ્વરજી મ.
સૌજન્ય- ડો.પ્રીતમબેન એસ. સિંઘવી.

: પ્રકાશક :

શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-સ્મારક ટ્રસ્ટ.
અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

© સર્વાધિકાર સુરક્ષિત

પ્રકાશક : શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ.

લેખક : વિજયશીલચન્દ્રસૂરિ.

કિંમત : ૬૦ - ૦૦

નકલ : ૨૦૦૦

પ્રથમ આવૃત્તિ.

## પ્રાપ્તિસ્થાન

૧. શ્રી જનકભાઇ એ. શાહ
૩૩૫, પાંજરાપોળ,
રિલીફ રોડ,
અમદાવાદ-૧.
ફોન : ૨૧૬૩૬૪૬

૨. જૈન પ્રકાશન મંદિર
દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.


૩. દેવી-રાજેન્દ્ર આરાધના ભવન
૧, હરીશ એપાર્ટમેન્ટ,
જૈન મર્ચન્ટ સોસાયટી પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૪. સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ,
હાથીખાના,
અમદાવાદ- ૩૮૦ ૦૦૧.

૫. જયંતીભાઇ કાનજીભાઇ શેઠ
'નિશાંત' શ્રી મહાવીર જૈન
સોસાયટી,
ગોધરા - ૩૮૯ ૦૦૧.
ફોન : ૪૩૬૩૬


: મુદ્રક :
કિરીટ ગ્રાફીક્સ
૨૦૮/ આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૧. ફોન : ૫૩૫૨૬૦૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પ. પૂ. શાસન સમ્રાટ્ આ. શ્રીવિજય નેમિસૂરીશ્વરજી મ.સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પ. પૂ. સંઘનાયક આ. શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મ.સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તીરથ એહ જગ જયવંતું

જૈન શાસન જયવંતુ છે. દેવાધિદેવ ભગવાન તીર્થંકર મહારાજે પ્રવર્તાવેલું વિશ્વહિતકર જિનશાસન આ જન્મમાં મને-આપણને મળ્યું તે આપણું પરમ સૌભાગ્ય છે.

આ શાસનને અઢી હજાર વર્ષોમાં થઈ ગયેલા અસંખ્ય મહાન શ્રુતધર શાસનપ્રભાવક ગુરુ ભગવંતતોએ અજવાળ્યું છે, અવિચ્છિન્ન રાખ્યું છે. જૈન શાસન અને સંઘ ઉપર આવેલાં અગણિત આક્રમણોની સામે પણ આ શાસન અને સંઘ આજ પર્યંત અવિચલ-અડગ રહ્યાં છે, તેનું મુખ્ય કારણ આપણી યશોજ્જ્વલ શ્રમણ પરંપરા જ છે.

આ વંદનીય શ્રમણ-પરંપરાના પ્રતીક સમાન કેટલાક શાસન-ધોરી સંઘનાયક ભગવંતોનો અતિઅલ્પ શબ્દોવડે આછેરો પરિચય આપવાનો એક અદનો પ્રયાસ અહીં થયો છે. સૂર્યને ફાનસ વડે જોવાના-દેખાડવાના પ્રયાસ સાથે આને સરખાવી શકાય.

આશરે આઠેક વર્ષ અગાઉ, એક અન્ય નિમિત્તવશ લખાઈ ગયેલા આ પરિચય-લેખો આજ પર્યંત આમ જ પડી રહ્યા હતા. આ લેખોને આ લઘુ પુસ્તિકારૂપે પ્રકાશિત કરવાનો અહીં ઉપક્રમ છે. એમાં આપણા યશનામી ચિત્રકાર ભાઈ જયેન્દ્ર પંચોલીની પીંછીનો સાથ મળતાં આ લેખો વધુ સાર્થક બને છે.

પૂજ્યપાદ ગુરુભગવંત **શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી** મ.ની કૃપા અને મુનિશ્રી **જિનસેનવિજયજી** વગેરે સાથી સાધુવર્યોનો સહયોગ આ પુસ્તિકાના પ્રસ્તુત સ્વરૂપના ચાલકબળ છે.

નન્દનવનતીર્થ, તગડી.
તા. ૧-૧-૧૯૯૯

**-વિજયશીલચંદ્રસૂરિ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# : પ્રકાશકીય :

પ. પૂ. પ્રવચન પ્રભાવક આચાર્ય ભગવંત **શ્રીવિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન પટ્ટધર પ.પૂ.આ. **શ્રીવિજય શીલચંદ્રસૂરીશ્વરજી મહારાજે** ઘણાં વર્ષો પૂર્વે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પ્રભુના શાસનમાં થયેલ શ્રમણ શ્રેષ્ઠ મહાપુરુષોના સંક્ષિપ્ત (લઘુ) કથાનકો લખેલાં એ કથાનકોને શ્રી નેમિ-નંદન ગ્રંથમાળાના ૧૯મા પુષ્પ તરીકે સચિત્ર સ્વરૂપમાં પ્રકાશિત કરવાનો અમૂલ્ય લાભ અમારા ટ્રસ્ટને પ્રાપ્ત થયો છે. તે ખૂબજ આનંદની વાત છે.

વિશેષ આનંદની એ વાત કે, ફક્ત સવા વર્ષના ટૂંકા ગાળામાં જ અમારા ટ્રસ્ટ વતી આવું સચિત્ર પ્રકાશન ત્રીજું છે. આજના ઝડપી જમાનામાં શ્રાવકોને તથા બાળકોને વાંચન માટે પણ સમય ન મળતો હોવાથી, નવી પેઢી આપણી ભવ્ય પરંપરામાં થયેલા મહાપુરુષોના જીવનથી કંઈક માહિતગાર બને અને એ સ્વરૂપે તેઓમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય એવા શુભ હેતુથી આ સચિત્ર પુસ્તક પ્રકાશનનો પ્રારંભ કર્યો છે.

કથાઓના આધારે સુંદર ચિત્રો તૈયાર કરી આપનાર ચિત્રકાર શ્રી **જય પંચોલી**નો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ પુસ્તિકાનું સ્વચ્છ-સુઘડ રંગીન છપાઈકામ કરી આપનાર શ્રી **કિરીટ ગ્રાફીક્સ**ના સંચાલકો તથા પુસ્તિકા પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર **શ્રી જૈન ધર્મ ફંડ પેઢી - ભરૂચ, શ્રી જૈન ગ્રંથ પ્રકાશન સમિતિ - ખંભાત, શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ - ગોધરા, શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર પેઢી - વલસાડ**નો પણ આભાર માનીએ છીએ, અને નવી પેઢીમાં સંસ્કાર સિંચનનો આવો અપૂર્વ લાભ અમોને પુનઃ પુનઃ મળતો રહે તેવી આશા રાખીએ છીએ.

**શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂર સ્મારક ટ્રસ્ટના**
**ટ્રસ્ટીઓ**

**વિ. સં. ૨૦૫૫, મહાસુદ - ૫,**
**તા. ૨૨-૧-૯૯, શુક્રવાર**
**અમદાવાદ-૩૮૦૦૦૧.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


# ફૂરગડુમુનિ

ક્ષમાધર્મની વાત નીકળે અને ફૂરગડુ મુનિ યાદ ન આવે એવું ન બને. એમનું સાચું નામ તો નાગદત્ત હતું. હતા પણ રાજકુમાર. પણ દીક્ષા લીધા પછી ક્ષુધાવેદનીયનો એવો તો પ્રકોપ થયો કે સવારે નવકારશીના સમયે જ - આહાર લેવો જ પડે. સંવત્સરી જેવા પર્વદિને પણ તેઓ આહાર વિના રહી ન શકે. જીભની નહિ. પણ પેટની આગને ઠારવા માટે તેઓ જ એક ઘડો ભરાય તેટલા ભાત- માત્ર ભાત જ, બીજું કોઇ જ દ્રવ્ય નહિ- લેતા, તેથી તેમનું નામ પડી ગયુંઃ ફૂરગડુ - ફૂરઘટ મુનિ.

એમની આ નબળાઇ પર ગચ્છના અન્ય સાધુઓ, ખાસ કરીને મોટી તપસ્યા કરનારા સાધુઓ ખૂબ ચિડાતા, હસતા અને જ્યારે તક મળે ત્યારે એમની નિંદા કરવાનું ન ચૂકતા.

પણ આ હાંસી અને નિંદા ફૂરગડુમુનિને રોષ નહિ પણ આત્મનિંદા કરવા જ પ્રેરતી. તેઓ અન્ય સાધુઓની તપસ્યા જોઇને સતત એમની અનુમોદના કરતા, પોતાની ભૂખાળવી વૃત્તિને નિંદતા અને પોતાની આ નબળાઇના સંતાપને ધોઇ નાખવા એ વૃત્તિથી તપસ્વીઓની શક્ય સઘળી વૈયાવચ્ચ તેઓ કરતા.

એકવાર સંવત્સરી-પર્વદિન આવ્યો. સહુને ઉપવાસ, સહુ પોતાની આરાધનામાં મગ્ન. પણ ફૂરઘટ મુનિને તો તે દહાડે પણ આહાર લીધા વિના ચાલે તેમ ન હતું. તેઓ નિત્યક્રમ પ્રમાણે આહાર લઇને આવ્યા, ત્યારે એક મહાતપસ્વી મુનિએ તેમને કફ થૂંકવાનું પાત્ર લાવી આપવા કહ્યું. ફૂરઘટ મુનિએ હા તો કહી, પણ તેઓ તે તરત જ વીસરી ગયા, ને આહાર કરવા બેસી ગયા. આ જોઇને પેલા તપસ્વી મુનિ રોષથી ધમધમી ગયા. આવ્યા ફૂરઘટ પાસે, ને તેમની ભર્ત્સના કરતાં તાડૂકીને કહેઃ જોયો મોટો ભક્તિ કરવાવાળો! તારા જેવો ખાઉધરો શું વૈયાવચ્ચ કરવાનો ? હવે મારે ક્યાં થૂંકવું ? તારા પાત્રમાં? આમ કહીને તેમણે ફૂરઘટના પાત્રમાંજ કફ થૂંકી દીધો. ભલભલો ધીર માનવી પણ અકળાઇ જાય, તેવી આ ક્ષણે પણ ફૂરઘટ મુનિનું હૈયું તો પોતાની ભૂલના પશ્ચાત્તાપથી, કહેનાર મુનિ પ્રત્યે ક્ષમાયાચ-નાના ભાવથી ને આત્મનિંદાથી જ છલકાઇ રહ્યું ! ક્ષમા અને આત્મનિંદાનો એ ભાવ એમને આહાર કરતાં કરતાં જ એવો તો તીવ્ર બન્યો કે તેમને તે ભાવમાં જ કેવળજ્ઞાન પ્રગટ્યું! દેવોએ તેનો ઉત્સવ રચ્યો, તો તપસ્વી મુનિઓ પણ તેમને વંદી રહ્યા !




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ક્ષુલ્લકમુનિ

વસંતઋતુના મનભાવન દિવસો છે. વસંતના વૈભવે અને વિલાસે સમગ્ર સૃષ્ટિ ઉપર પોતાનો પ્રભાવ પાથરી દીધો છે. સાકેતપુરના રાજા પુંડરીકના રંગભવનમાં પણ વિલાસિતાની છોળો ઉછળી રહી છે. ત્યાં દિવસ રાત બને છે, ને રાત દિવસ બને છે. રાત પડે છે ને રાજાની રંગસભા જાણે નવાં જ શણગારો સજે છે ! રત્ન જડિત સિંહાસન ! સ્ફટિક ખચિત મંડપિકા ! ઉદ્દીપક ચિત્રોથી ભરી ભરી રંગભૂમિ ! સુવર્ણ દીપિકાઓમાંથી વેરાતો જળાંહળાં પ્રકાશ ! થોડાક કલારસિકો અને વધુ કામી જનોથી ઉભરાતો પ્રેક્ષામંડપ ! અને દેવાંગનાનેય ઝેબ આપે તેવી અલબેલી રૂપસુંદરીઓનાં અવનવાં નૃત્યો ! રાતોની રાતો સુધી નિયમિતપણે ચાલતી આ મહેફિલોમાં - આમ તો ભાગ્યે જ કાંઇ નાવીન્ય આવતું. પરંતુ આજે એક વિચિત્ર બાબત એ બની કે સંસારથી સર્વભાવે સદા વિમુખ રહેનાર એક જૈન સાધુ, તે પણ મધ્યરાત્રિની નિષિદ્ધ વેળાએ આવીને, મહેફિલ માણવા બેસી ગયા ! પણ રૂપ અને સૂરના નશામાં સૌ એવા લયલીન કે કોઇએ ઝાઝી તથા ન કરી. રાત ઝડપથી વીતતી હતી. પ્રભાત ઊગવા આડે ચારેક ઘડી બાકી હતી. ને એકાએક નર્તકી લથડી! સાજિંદાઓમાં બેઠેલી નર્તકોની માતા - અક્કા પામી ગઇ કે આ થાકી છે, હમણાં જ રંગમાં ભંગ પાડી બેસશે ! તત્ક્ષણ તેણે નવી જ ચીજ છેડી : ''બહોત ગઇ થોડી રહી ! રે ! રાત આખી પૂરી થઇ, ને હવે બે ચાર ઘડી માટે તું હારી જઇશ ? ના, સંભાળ, બેટી સંભાળ !'' આ સાંભળતાંજ નર્તકીએ જાત સંભાળી લીધી ! પણ એ સાથે જ, પેલા જૈન મુનિ એકાએક ઊભા થયા, ને પોતાની લાખેણી રત્નકંબલ એ નર્તકીને ભેટ સમર્પી દીધી ! આ જોઇને રાજાએ પૂછ્યું : મહારાજ ! આવું કેમ કર્યું ? અને આપ કોણ ? અહીં ક્યાંથી ? મુનિ બોલ્યા : રાજન્ ! હું તમારો ભત્રીજો : મારા પિતાને તમે હણ્યા. પછી મારી ગર્ભવતી માતા શીલને બચાવવા ખાતર ભાગી. તેણે દીક્ષા લીધી, ને કાળાંતરે મને જન્મ આપ્યો. હું આઠ વર્ષનો થયો ત્યારે મને દીક્ષા આપી. પણ મારી યુવાની ખીલતાં મન સંસાર ભણી આકર્ષાયું. માતાની રજા માંગી - ગૃહસ્થાશ્રમ માટે, તો તેણે મને ૧૨ વર્ષ રોક્યો. અને સંયમનો મહિમા તથા સંસારની અસારતા સમજાવ્યાં. પણ મને તે વાતો ન ભાવી. પછી તો માતાનાં ગુરુણી સાધ્વીજીએ, ઉપાધ્યાયજી મહારાજે તથા ગચ્છપતિ આચાર્યે - દરેકે ૧૨-૧૨ વર્ષ સુધી મને રોક્યો ને સમજાવ્યો, પણ વ્યર્થ ! બધાની બધી મુદ્દત પૂરી કરીને છેવટે હું આજે સાધુતા ત્યજીને અહીં આવ્યો - મારો રાજ્ય હક્ક મેળવવા અને સંસાર માણવા ! પણ અહીં આ થાકતી નર્તકીને તેની અક્કાએ કહ્યું : બહોત ગઇ થોડી રહી ! એ સાંભળીને હું હચમચી ઉઠ્યો : રે ! જીવનનાં ૬૦ વર્ષ તો વહી ગયાં ને હવે થોડા આઉખા માટે થૂંકેલા સંસારને પાછો ચાટવો છે ? ના હવે આવું ન જ થાય. હવે તો સંયમ જ ભલો !


આમ ૪૮ વર્ષે મને ગુરુઓથી જે ન સમજાયું તે આ અક્કાના એક વેણે સમજાયું, માટે મેં તેને ભેટ આપી રાજન્ ! ને હું આ ચાલ્યો ગુરુ ચરણોમાં.....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચંડરુદ્રાચાર્ય

એમનું સાચું નામ શું હશે તે તો કોણ જાણે, પણ અતિશય ક્રોધી પ્રકૃતિને કારણે સૌ તેમને ચંડરુદ્રાચાર્યના નામે ઓળખતા. જેવા ક્રોધી તેવા જ જ્ઞાની : પોતાના ક્રોધને બરાબર જાણે, એટલે થાકતી ઉંમરે તેમણે ગચ્છનો ભાર યોગ્ય શિષ્યને ભળાવી માત્ર આત્મસાધના કરવાની સ્થિતિ સ્વીકારેલી. એકવાર એવું બન્યું કે સાંજના સમયે કેટલાંક જુવાનિયાઓ ફરતા ફરતા ઉપાશ્રયે આવી ચડ્યા. એમની નજરે પહેલા ચંડરુદ્રાચાર્ય જ ચડ્યા. સરખે સરખાં મિત્રો રમતે ચડેલાં, તેમને ઘરડા મહારાજને જોતાં જ ટીખળ ચડ્યું. એમાં વળી એક તો મીંઢોળબંધો હતો. મિત્રોએ તેને આગળ કરીને કહ્યું : "મહારાજ ! આને દીક્ષા આપી દો ને ! એને






પરાણે લગ્ન કરવા પડ્યાં છે, પણ હવે છૂટકારો મેળવવો છે." મહારાજે પહેલાં તો ધ્યાન ન આપ્યું. પણ એની એ ટીખળ વારંવાર થતી રહી, એટલે તેમનો પિત્તો ફાટ્યો. પેલા તરફ ફરીને તેઓ ગર્જ્યાઃ "તારે દીક્ષા લેવી છે?" પેલાએ પણ ગમ્મતમાં હા કહી દીધી. મહારાજે તરત જ તેના વાળ ઝાલીને લોચ કરવા માંડ્યો, તે જોઈને મિત્રો તો જાય નાઠા ! પણ પેલો ન ચસક્યો. તેણે દીક્ષા લઈ લીધી. દીક્ષા થતાં જ તેણે ગુરુજીને વિનવ્યાઃ "મહારાજ ! હવે મને લેવા બધાં સગાં આવે, તે પહેલાં જ આપણે વિહાર કરી જવો પડશે. કૃપા કરો." ગુરુજી સંમત થતા તેમને પોતાના ખભે બેસાડીને ચાલી નીકળ્યો. રસ્તે ખાડા ટેકરા આવે તેથી ગુરુજીને ધક્કા વાગતાં, તે ન ખમાતાં, ગુસ્સે થઈને તેમણે શિષ્યને ખૂબ ઠપકારવા માંડ્યો ને એક તબક્કે તો તેમણે પોતાનો દંડ તેના મસ્તકે ફટકારી દેતાં તે લોહી લૂહાણ થઈ ગયો! પણ આ બધો વખત તેના મનમાં એક જ ભાવ રમતો હતોઃ ચારિત્ર પ્રત્યે અહોભાવ ને પોતાના કારણે ગુરુને વેઠવી પડતી તકલીફ બદલ પશ્ચાતાપ ! આમાંજ તેની પરિણતિ વિશુદ્ધ બની જતાં કેવળજ્ઞાન થયું. પછી તો તે બરાબર ચાલવા લાગ્યો. ગુરુ કહેઃ "કેમ હવે સીધો ચાલે છે ? પહેલાં તો આમ નહોતો ચાલતો !" શિષ્ય કહે 'કૃપાળુ ! મને હવે દેખાય છે બધું, એટલે સીધું ચલાય છે.' "કેવી રીતે દેખાય છે અંધારામાં તને ?" 'જ્ઞાનબળે, પ્રભુ! "કેવું જ્ઞાન ?" 'કેવળજ્ઞાન' આ સાંભળતાં જ ગુરુ શિષ્યના ખભા પરથી ઉતરી ગયા. ને તેના પગે પડી ક્ષમા યાચતાં પશ્ચાતાપમાં ડૂબી ગયા. એજ પળે તેમને પણ કેવળજ્ઞાન થઈ ગયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


# કપિલકેવળી



કચ્છ-ભદ્રેશ્વર તીર્થની આદ્ય પ્રતિષ્ઠા જેમના હાથે થઇ હોવાની અનુશ્રુતિ છે, તે કપિલ કેવલીની આ કથા છે. મૂળ તેઓ કૌશામ્બીના રાજપુરોહિતના દીકરા. પણ અભણ અને અકિંચન, તેથી વિદ્યા ભણવા માટે શ્રાવસ્તિ નગરે જઇ રહ્યા. ત્યાં ભણતાં-ભણતાં એક યુવતિ સાથે પ્રીતની ગાંઠ બાંધી બેઠા. એક પ્રસંગે તેમની પ્રિયતમાએ થોડાક પૈસાની માંગણી કરી, પણ કપિલ તો અકિંચન, તેથી તેણેજ માર્ગ બતાવ્યો કે નગરનો રાજવી, તેને પહેલો આશીર્વાદ આપે તેને બે રતિ સોનું ભેટ આપે છે. તે લઇ આવે તો કામ બની જાય. કપિલે વાત પકડી લીધી, ને બીજા દિવસની સવાર પડે તે પહેલાં- મધરાતે જ તે રાજાને આશીર્વાદ આપવા નીકળી પડ્યો. રખે, બીજો કોઇ બ્રાહ્મણ પહેલો પહોંચી જાય ! પણ રાતના રસ્તામાં કોટવાલ ભટકાઇ ગયા, તેમણે ચોર માની પકડી લીધો. સવારે દરબારમાં રજૂ કર્યો. તેનું સ્વરૂપ જોઇને રાજાએ તેનો વૃત્તાંત પૂછ્યો, કપિલે હતી તેવી વાત વર્ણવતાં રાજાને અનુકંપા જાગી. કહેઃ તારે જે જોઇએ તે માંગ, હું આપીશ. કપિલે કહ્યુંઃ તો થોડોક સમય આપો. વિચારીને કહું- રાજાએ છૂટ આપતા ભાઇ ગયા - બગીચામાં, ને વૃક્ષ નીચે 'શું માંગવું' તે નક્કી કરવા બેઠા! બે રતિની તો હવે વાત જ ન હતી. તેણે વિચાર્યુંઃ સો રતિ, હજાર રતિ, લાખ રતિ અથવા તો ક્રોડ સોનૈયા જ માંગી લઉં તો જીવનનું દળદર ફીટી જાય! ને વિચારોની શૃંખલા કરોડ સુધી પહોંચતા જ અચાનક તૂટી ગઇ, તેને થયું : રે ! મારે જરૂર બે રતિની હતી, ને મારી લોભવૃત્તિએ મને ક્યાં લાવી મૂક્યો? એ તો ઠીક. પણ હું આવ્યો છું ભણવા ને અહિં ભણવાને બદલે જંજાળ માંડીને બેઠો ? મારી આ દશા ? આ બધું મને શોભે ?

આ વિચારોમાંજ કપિલના મનમાં વૈરાગ્ય પ્રગટ્યો, ને તેણે ત્યાં જ સંસાર ત્યજી સાધુ બનવાનો નિર્ધાર કર્યો. એ સાથે જ દેવોએ આવીને તેની સામે મુનિવેષ ધરતાં, તે સ્વીકારીને તે રાજસભામાં પહોંચ્યા, ને રાજાને ધર્મલાભ કહી, પોતાના બદલાએલા મનની સ્થિતિ સમજાવી. સર્વત્યાગના પંથે જંગલની દિશામાં ચાલી નીકળ્યા- ઘોર તપ તપી કેવળજ્ઞાન પામ્યા.


કપિલ કેવળીને એકદા જંગલમાં ૫૦૦ ચોરો મળ્યા. ચોરોએ પકડ્યા ને કહ્યું : નૃત્ય કરો. કેવળી કહેઃ તમે તાલ આપો તો હું નાચું ને ગાઉં પણ ખરો. ચોરોએ તાલ આપતાં કેવળીએ બોધ થાય તેવી ભાષામાં ગીત ગાતાં ગાતાં નૃત્ય કર્યું. ફળસ્વરૂપે ૫૦૦ ચોરો બોધ પામ્યા ને દીક્ષા લઇ તેમના શિષ્યો બની ગયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસન્નચંદ્રરાજર્ષિ


ભગવાન મહાવીર રાજગૃહીએ પધાર્યા છે. રાજા શ્રેણિકે રૂડાં સામૈયાં માંડ્યાં છે. પ્રભુ પધાર્યાની રળિયામણી ઘડીને વધાવી લેવાની એને ભારે હોંશ છે. આખું નગર એના ઉમંગમાં સહભાગી બન્યું છે. સામૈયું સમવસરણની નજીક પહોંચ્યું ત્યારે, રાજાની દૃષ્ટિ એક મુનિ પર પડી; ઊંચા કરેલા બે હાથે, આગ ઓકતા સૂર્ય સામી દૃષ્ટિ રાખીને એક જ પગના ટેકે ઊભેલાં એ મુનિની ઉગ્ર સાધના જોઈને રાજાનું માથું સહેજે નમી પડ્યું. પ્રભુ પાસે પહોંચતાં જ તેણે પૂછ્યું: ભગવંત્ ! આ સાધક મુનિ કોણ ? તેઓની કઈ ગતિ થવાની ? પ્રભુ કહે: 'એ પ્રસન્નચંદ્ર રાજર્ષિ છે. જો તેમનું આ પળે મૃત્યુ થાય તો સાતમી નરકે જાય.' રાજા ડઘાઈ જ ગયો: સાતમી નરકે ? આવા સાધક મુનિ જાય ? ગળે કેમ ઊતરે ? થોડીક પળો અવઢવમાં વીતી, ત્યાંજ દેવદુંદુભિ ગાજી ઉઠી. રાજા ચમક્યો. પૂછ્યું: 'પ્રભુ ! આ શું ?' પ્રભુએ કહ્યું: "પ્રસન્નચંદ્રને કેવળજ્ઞાન થયું છે, તેનો ઉત્સવ રચાયો છે." રાજા ફરી સ્તબ્ધ. કહે: 'પ્રભુ ! આ શો વિસંવાદ ? કાંઇ સમજાતું નથી.' ત્યારે ભગવંતે કહ્યું: "રાજન્ ! પહેલીવાર તેં પૂછ્યું ત્યારે તે મુનિ યુદ્ધ હિંસામાં ગરક હતા. તેમના પુત્રનું રાજ્ય દુશ્મને છીનવી લીધાની વાત કાને અફળાવવાના કારણે તેમણે મનોમન તે દુશ્મન સામે હિંસક યુદ્ધ છેડી દીધેલું, તે તેમના રૌદ્રધ્યાનના અધ્યવસાયમાં જો તે મર્યા હોત તો અવશ્ય નરકે જ જાત. પરંતુ મનોયુદ્ધ દરમ્યાન બધાં જ હથિયારો ખલાસ થઈ જતાં તેમણે દુશ્મનને મરણિયો ઘા કરવા માટે પોતાનું શિરસ્ત્રાણ લેવા માટે મુંડિત મસ્તકે હાથ મૂક્યો, ને તેમને તત્ક્ષણ ભાન થયું ! રે ! હું તો મુનિ ! મેં કેવું ધ્યાન આદર્યું ? કેવા ક્રૂર પાપ આચર્યાં ? મને આ શોભે? ને પશ્ચાતાપના નિર્મળ ભાવોમાં ખોવાયેલા એ મુનિ ગણતરીની પળોમાં જ વિશુદ્ધ પરિણતિના પંથે આગળ વધ્યા. ધ્યાનની તૂટેલી ધારા પુનઃ સંધાઈને તીવ્ર બની. ક્ષપકશ્રેણી મંડાઇ ને તેમને કેવળજ્ઞાન થયું, તેનો આ ઉત્સવ દેવો રચી રહ્યા છે." પ્રભુ વચને શ્રેણિકના મનમાં અજવાળાં પથરાયાં: "કલેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનાથીમુનિ

એ ફૂટડા જુવાનને શેની ખોટ હતી ? તાજી ખીલેલી કમળકળી જેવું મનભાવન રૂપ-યૌવન; વહાલનું અમી વેરતાં માત-પિતા; હેતઘેલી બહેની ને પ્રેમાળ ભાઈ; લાવણ્ય છલકતી પ્રિયતમા પત્ની; અને દોમ દોમ સાહ્યબી ! રે ! એની પાસે શું નહોતું ? અને છતાં જ્યારે એની આંખે ઓચિંતું નેત્રશૂળ ઉપડ્યું ત્યારે ગમે તેટલાં માથા પછાડ્યા તો ય આમાનાં કોણે એની વેદનામાં ભાગ પડાવ્યો ? કોણ એને આસાએશ આપી શક્યું ? પ્રાણહર એ વેદનાની પળોમાં, એને એની અસહાયતા અને આ બધી જ સાહ્યબીની વ્યર્થતા સમજાઇ ગઈ. ને એણે પ્રભુ નામની ઔષધિ લેતાં લેતાં સંકલ્પ કર્યો કે - જો હું સાજો થાઉં તો સંસાર તજી દઈશ. દૈવયોગે સાજો થયો એ યુવાન; અને તે સાથે જ તે સાધુ બનીને ચાલી નીકળ્યો - જંગલના માર્ગે. બીહામણાં વેરાન વગડામાં આતાપના લેતાં એ રૂપકડા મુનિ ઉપર, એકવાર, શિકારે નીકળેલાં મગધનરેશ શ્રેણિક બિંબિસારની નજર પડી ગઈ. એમને જોઇને જ રાજા સ્તબ્ધ ! પાસે જઈને મુનિનો પરિચય વાંછ્યો. એ વખતે બંને વચ્ચે કાંઈક આવો સંવાદ રચાયો: 'આપનું નામ?' "અનાથી મુનિ." 'આ રૂપ-યૌવન છતાં દીક્ષા લેવાનું કારણ?' "સંસારમાં હું અનાથ હતો, દુઃખી હતો. એ સ્થિતિ ન સહેવાઇ ને હું સાધુ બન્યો." 'ઓહ! આ તો ઘણું શરમજનક છે. ચાલો મારી સાથે, હું તમારો નાથ બનીશ, ને તમને સઘળાંય સુખ પૂરા પાડીશ.' "રાજન્! તું સ્વયં અનાથ, મને શું સુખ આપી શકવાનો ? સાંભળ ! તારી જેમ જ મારી પાસે બધું જ હતું, પણ તેમાંનું કોઈજ મારી પીડા મટાડી કે લઈ ન શક્યું ત્યારે એ પ્રતીતિ થઈ કે જગતમાં કોઈ કોઈનું નથી, જેમ મને, તેમ તનેય અનાથતાનું આ દુઃખ વળગ્યું જ છે; તું મને શી રીતે સુખી કરીશ ?" મર્મ પકડાતાં જ રાજા રાજી રાજી થઈ ગયો. મુનિએ અહિંસા ધર્મનો બોધ આપી ભગવાન મહાવીરના ચરણોની દિશા તેને ચીંધી. શ્રેણિકે પરમાત્માનું શરણું સ્વીકાર્યું, તે મુનિ અનાથી આત્મજ્યોત પ્રગટાવતા વિહરી રહ્યા.....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શય્યંભવસ્વામી

યુગપ્રધાન શ્રીપ્રભવસ્વામીઃ ચરમ કેવલી જંબૂસ્વામીના મહાન શ્રુતધર શિષ્ય. પોતાની વૃદ્ધવયે તેમણે પોતાના પટ્ટશિષ્યની શોધ આદરી, તો શ્રુતજ્ઞાનના બળે રાજગૃહીના અગ્રણી બ્રાહ્મણ શય્યંભવ ભટ્ટ ઉપર તેમનું હૈયું ઠર્યું. पंकादपि पंकजमुपादीयते- એ ન્યાયે તેમને પ્રતિબોધવા તેઓ રાજગૃહી પધાર્યા, અને તે વખતે પશુમેધ યજ્ઞ કરાવી રહેલ ભટ્ટ શય્યંભવ પાસે પોતાના બે મુનિઓને મોકલ્યા. યજ્ઞ મંડપમાં ઘોર હિંસાચારમાં લીન શય્યંભવના કાને પડે તેમ તે મુનિઓએ



ટકોર કરીઃ ''अहो कष्टं अहो कष्टं, तत्त्वं तु ज्ञायते नहि ! - રે ! ધર્મના નામે ચાલતી ક્રૂર હિંસામાં તત્ત્વની તો કોને ગતાગમ છે!'' આ ઉચ્ચારીને મુનિઓ તો નીકળી ગયા, પણ એ શબ્દોથી શય્યંભવ ચોંક્યા. તેમને વિશ્વાસ હતો કે જૈન મુનિ કદી અસત્ય તો બોલે જ નહિ ! તે દોડ્યા, મુનિની પાછળ ને મુનિઓ સાથે ગુરુદેવ પાસે. ત્યાં અહિંસા ધર્મનું હાર્દ સમજાતાં જ, તત્ક્ષણ, યજ્ઞ, ઘર, ગર્ભવતી પત્ની અને ભર્યો સંસાર બધું જ છોડીને સાધુ બની ગયા. ગુરુકૃપાના યોગે ૧૪ પૂર્વી તેમજ પ્રભવસ્વામીની પાટે યુગપ્રધાન આચાર્ય બન્યા. તેમની દીક્ષા બાદ તેમને ત્યાં જન્મેલો બાળક 'મનક' આઠ વર્ષનો થયો, અને તેને પોતાના પિતાની લગની લાગી. તેણે મા પાસે બધી વાત જાણી, અને પછી તે પિતાની શોધમાં નીકળી પડ્યો. ચંપા નગરીના પાદરે તેને પિતા શય્યંભવસ્વામીનો મેળાપ થયો. તે અજાણ્યો હતો. પણ આચાર્યે તેને ઓળખી લીધો. તેમણે તેને પિતાનો મેળાપ કરી આપવાનું વચન આપી, પોતાની સાથે રાખ્યો; દીક્ષા આપી, અને તેનું આયુષ્ય છ જ મહિનાનું જણાતાં તેના હિતાર્થે દશવૈકાલિક સૂત્રની રચના કરી, તેને છ માસમાં તે ભણાવી તેનું કલ્યાણ કર્યું. એ સૂત્ર, આજે પણ સાધુઓના પ્રારંભિક અભ્યાસસૂત્ર તરીકે જૈન સંઘની સઘળીયે શાખાઓમાં બહુમાન્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભદ્રબાહુસ્વામી

પ્રતિષ્ઠાનપુર- પૈઠણ-તત્કાલીન ભારતવર્ષનું કેન્દ્રબિંદુ ગણાતું. તેમાં બે બ્રાહ્મણ-બંધુઓ વસેઃ વરાહમિહિર અને ભદ્રબાહુ. બંને પ્રતિષ્ઠિત. બંને ૪ વેદ અને ૧૪ વિદ્યાના જ્ઞાતા. ભાગ્યયોગે બંનેને શ્રીયશોભદ્ર-શ્રુતકેવલીનો સત્સંગ થયો. જેના પરિણામે સંસાર ત્યજી બંને સાધુ બની ગયા. બંને પ્રતિભાસમ્પન્ન હતા તેથી અલ્પ સમયમાં જ જિનપ્રવચનના પારંગત બન્યા. પરંતુ તે બેમાં નાના ભદ્રબાહુ, તે ૧૪ પૂર્વના જ્ઞાન તથા આચાર્યપદનું અર્પણ કરવા માટે વિશેષ યોગ્ય જણાતાં ગુરુએ તેમને પોતાના ઉત્તર અધિકારી બનાવ્યા. આથી વરાહમિહિર છંછેડાયા, અને ગુરુને પક્ષપાતી ગણી દીક્ષા છોડી ગયા. વિદ્યા તો હતી જ, તેના બળે તે રાજપુરોહિત બન્યા, ને લોકપ્રિયતા મેળવી. એકદા રાજાને ત્યાં પુત્ર જન્મ થયો. તેમાં વધામણાં માટે સૌ કોઇ આવ્યા. વરાહમિહિરે ભવિષ્ય ભાખ્યું કે બાળક પૂરાં ૧૦૦ વર્ષનો થશે. યોગાનુયોગ એવું બન્યું કે શ્રુતકેવલી અને સંઘનાયક બનેલા ભદ્રબાહુસ્વામી પણ ત્યાં નગરમાં જ હતા, પણ તેઓ રાજાને વધામણી આપવા ન આવ્યા. આ તક વરાહમિહિરે ઝડપી. ને રાજાના તથા લોકોના મન ભંભેર્યા. આ વાતની જાણ થતાં ગુરુએ કહ્યું કે આજથી સાતમે દિવસે આ બાળકનું બિલાડીના નિમિત્તે મરણ થવાનું છે, તે વખતે આશ્વાસન આપવા આવીશ. રાજાને વરાહમિહિર પર પૂરો વિશ્વાસ હતો. છતાં "ચેતતો નર સદા સુખી' એ ન્યાયે તેણે નગરમાંથી તમામ બિલાડીઓને જંગલભેગી કરાવી દીધી. અને રાજકુમારના રક્ષણનો ચાંપતો પ્રબંધ કર્યો. આમ છતાં બનવાનું હતું તે બન્યું જ. સાતમે દિવસે બિલ્લીના મહોરાવાળો આગળો બાળકના શિરે પડ્યો. ને બાળક મરણ પામ્યું જ. તે પછી ગુરુ રાજાને આશ્વાસન આપવા મહેલે પણ પધાર્યા. આથી ગુરુની કીર્તિ વધી, તો વરાહમિહિરનું જ્ઞાન મિથ્યા ઠર્યું. આ અને આવા અનેક બનાવોથી અકળાએલો અને દ્વેષથી ધમધમતો વરાહમિહિર કાળાંતરે મરણ પામી વ્યંતર દેવ થયો. ત્યાં તેણે જ્ઞાનબળે પૂર્વાવસ્થા જોઇ ને તેના હૈયામાં જૈન - દ્વેષની આગ ભભૂકી ઉઠી. તેણે શક્તિ પ્રયોજીને સકલ સંઘમાં અને નગરમાં મહામારીનો પ્રકોપ ફેલાવ્યો. જેને કારણે અસંખ્ય લોકો કમોતે મરવા લાગ્યા. લાચાર સંઘે ગુરુને વિનંતી કરી કે આ ઉપદ્રવ દૂર કરો! ગુરુએ શ્રુતજ્ઞાનના બળે બધી હકીકત જાણી અને ઉવસગ્ગહરં-સ્તોત્રની રચના કરી, તેના પાઠ દ્વારા અભિમંત્રિત જળનો છંટકાવ સર્વત્ર કરાવ્યો, જેના પ્રભાવે વ્યંતરની શક્તિ ક્ષીણ થઇ ને સૌ નિરૂપદ્રવ બન્યા.



કલ્પસૂત્રના પ્રણેતા આ સૂરિજી જિનશાસનમાં નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી તરીકે પ્રખ્યાત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# કાલિકાચાર્ય


શ્રી કાલિકાચાર્ય એટલે જૈન ઇતિહાસના એક અમર યુગપુરુષ ! સંવત્સરી પર્વના પરિવર્તનના પ્રસંગ સાથે સંકળાયેલા કાલિકસૂરિના એક વિશિષ્ટ પાસા તરફ બહુ ઓછાનું ધ્યાન ગયું છે. તે છે તેમનો ભગિની પ્રેમ.

કાલિકાચાર્ય એટલે ભાઇ-બહેનના પવિત્ર પ્રેમનું પુણ્યવંત પ્રતીક ! રાજકુમાર કાલક અને તેમની બહેન સરસ્વતી. રૂપ રૂપનાં અવતાર અને વિદ્યા, કલા તેમજ સાત્ત્વિકતાના ભંડાર ! પણ બંનેને એકમેક પર અજબ હેત. એવાં હેત કે જગતમાં બીજે ક્યાંય જોવાય ન મળે. બહેન ભાઇ માટે ઓળઘોળ, તો ભાઇ બહેન કાજે પ્રાણાર્પણ કરવા સુદ્ધાં તૈયાર. ભાઇ કરે તે જ બહેન પણ કરે, ને બહેનને ગમે તે જ ભાઇનેય ગમે. જ્યારે જુઓ જ્યાં જુઓ ત્યાં બંને સાથે ને સાથે જઃ જાણે જળ અને મીન ! ક્યારેક ઘોડેસવારી, તો ક્યારેક પટાબાજી, ક્યારેક વનભ્રમણ, તો ક્યારેક જળક્રીડા, ક્યારેક શસ્ત્ર પરીક્ષા, તો ક્યારેક શાસ્ત્રચર્ચા! બધી વાતમાં બેય સાથે જ ને વળી બેય સમાન! યોગાનુયોગ, એક વખત એવું બન્યું કે બંને ફરવા નીકળેલાં, ને માર્ગમાં ત્યાગી આચાર્ય મહારાજ ભેટી ગયા. તેમના દર્શનથી ને તેમની ધર્મવાણીના શ્રવણથી બંનેને બોધ થયો, ને ફળસ્વરૂપે બંનેએ સંસાર ત્યાગી દીક્ષા લઇ લીધી. કાળક્રમે મુનિકાલક-આચાર્ય કાલક બન્યા, અને પોતાના સમુદાય સાથે વિહરતાં-વિહરતાં તેઓ ઉજ્જૈની નગરીમાં પધાર્યા. બહેન સાધ્વી સરસ્વતી પણ ત્યાં આવ્યાં છે. ઉજ્જૈની પર તે વખતે રાજા ગર્દભિલ્લનું શાસન પ્રવર્તતું. તે એટલો કામી હતો કે રૂપવતી સ્ત્રીને દીઠો મૂકતો નહિ. એક દહાડો તે ઝરૂખે બેઠો હતો ને તેની નજરે રસ્તે જતાં સાધ્વી સરસ્વતી ઉપર પડી. તેણે તત્કાલ તે સાધ્વીજીનું અપહરણ કરી પોતાના મહેલમાં પૂરી દીધા. આથી સર્વત્ર હાહાકાર વ્યાપી ગયો. રાજાને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


સમજાવવા નગરજનોએ, મહાજને, સંઘે ને છેવટે ખુદ આર્ય કાલકે ઘણી મથામણ કરી, પણ વ્યર્થ ! છેવટે આર્ય કાલકે બહેનની રક્ષાનો સંકલ્પ કર્યો અને મુનિવેષનું પરિવર્તન કરી, શક રાજા પાસે ગયા. ત્યાં તેમને વશ કરી પોતાના કામમાં સહાય કરવા પ્રેર્યા. તેમને સાથે લઈ ભારત પાછા આવ્યા. ત્યાં ૧૦૮ શક સુભટોને ધનુર્વિદ્યાની તાલીમ આપી. અને ગર્દભિલ્લને આહ્વાન આપ્યું. ગર્દભિલ્લ પાસે ગર્દભી વિદ્યા હતી. આ વિદ્યાથી મંત્રિત ગધેડી ભૂંકે અને તેનો શબ્દ યોજનો સુધી જેને સંભળાય તેનો સર્વનાશ થાય! પણ રાજાએ મંત્રેલી ગર્દભીએ ભૂંકવા માટે મોં ખોલ્યું ત્યાંજ ૧૦૮ ધનુર્ધરોએ છોડેલાં લક્ષ્યવેધી તીરોથી તેનું મોં ભરાઇ ગયું, જેથી તે ભૂંકી ન શકી, ને તેજ વખતે અતિવિશ્વસ્ત રાજાની ગફલતનો લાભ લઈ આર્ય કાલકના નિર્દેશન હેઠળ શક સૈન્યે ઉજ્જૈની પર હુમલો કરી નગરનો તથા રાજાનો કબ્જો લઈ લીધો. સૂરિજીએ રાજમહેલમાં કેદ થયેલી બહેન સરસ્વતીને મુક્ત કરી પુનઃ સાધ્વી પદે સ્થાપીને તેના શીલની રક્ષા તો કરી જ સાથે સાથે બહેન પ્રતિ ભાઇના પ્રેમનો એક અજોડ આદર્શ પણ જગત સમક્ષ રજૂ કર્યો !




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વજસ્વામી

પૂર્વજન્મના સંસ્કારોનો પ્રભાવ કેવો હોય તે સમજવું હોય તો શ્રી વજસ્વામિના જીવનને સમજવું પડે. પોતે હજી માતાના ગર્ભમાં હતા, ત્યારે જ પિતા ધનગિરિએ દીક્ષા લઇ લીધેલી, એટલે તેમનો જન્મ થયો તે વખતે મા સુનંદા જરાક દીન સ્વરે બોલી કે આ છોકરાના બાપે દીક્ષા ન લીધી હોત તો આના જન્મનો કેવો ઓચ્છવ ઉજવત ! મા તો સહજભાવે બોલેલી, પણ એ શબ્દો નવજાત શિશુનાં કાને અફળાતાં જ તેના સંસ્કારો જાગી ઉઠ્યાં, ને તે બાળકે માતાના મોહને તોડવા માટે જ, તે જ દિવસથી રડવાનું ચાલુ કર્યું, તે પૂરા છ મહિના સુધી એણે રાત દહાડો સતત રડ્યા જ કર્યું. એને છાનું રાખવાના સઘળાય ઉપાયો કરી કરીને થાકેલી માતાએ છેવટે કંટાળીને નક્કી કર્યું કે છોકરો કાંઇ મારો એકલીનો થોડો જ છે ? એના બાપની પણ જવાબદારી છે: હું તો કંટાળી આનાથી. જો એનો બાપ આવે તો હવે તો એને વળગાડી દઉં, એટલે નિરાંત તો થાય ! યોગાનુયોગ તે છ મહિને મુનિ ધનગિરિ ઘરે પધાર્યા, તેમને જોતાં જ સુનંદાએ છોકરાને ઉપાડીને વહોરાવી દીધો- કે લો, આને હવે તમે સંભાળો, હું તો થાકી ગઇ ! મહાજનની સાખે છોકરાને સ્વીકારી મુનિ ગુરુજી પાસે આવ્યા, છોકરો તો જેવો મહારાજની ઝોળીમાં આવ્યો ત્યાં જ ખિલખિલાટ! રડવાનું તો જાણે આવડતું જ નહોતું ! ગુરુએ સાધ્વીજી અને શ્રાવિકાઓ દ્વારા બાળકનો ઉછેર કરાવ્યો. એ ત્રણ વર્ષનો થયો અને સુનંદાનું પુત્ર વાત્સલ્ય સળવળ્યું. તેણે બાળક પાછું માગ્યું. ગુરુએ ઈન્કાર કરતાં તે રાજા પાસે ગઇ. રાજાએ બધી વાતનો તાગ લઇ ન્યાય કર્યો કે- બાળકને જેના પ્રત્યે આકર્ષણ થાય તેનો બાળક થાય. પણ બાળ વજે તો ભરી સભામાં માતાનાં તમામ પ્રલોભનોને ઉવેખી દીધાં, ને ગુરુએ દેખાડેલો ઓઘો લઇને નાચવા માંડ્યું. ફલતઃ આઠ વર્ષની વયે તેણે દીક્ષા લીધી. નાની ઉંમરમાં પણ તેના જ્ઞાન તથા તેજ એવાં કે સ્વયં ગુરુજી પ્રભાવિત બન્યા. બે વાર દેવોએ જંગલમાં માયા રચીને આહાર આપવા માંડ્યો, પણ પોતાની પ્રજ્ઞાના બળે બાળમુનિ દેવમાયાને કળી ગયા ને એ આહાર ન લીધો. આથી દેવોએ તેમને વૈક્રિય લબ્ધિ તથા આકાશગામિની વિદ્યા આપી. કાળાંતરે ૧૦ પૂર્વધર યુગપ્રધાન શ્રીવજસ્વામી તરીકે પ્રસિદ્ધ થયેલા આ મુનિએ આ વિદ્યાના બળે એકવાર દુષ્કળ પીડિત શ્રીસંઘને આકાશમાર્ગે સ્થળાંતર કરાવી સંઘની રક્ષા કરી હતી. પરંતુ તેઓ જ્યાં સંઘને લઇ ગયા ત્યાં બૌદ્ધધર્મી રાજાનું શાસન હોવાથી જિનપૂજા માટે ફૂલો અપ્રાપ્ય હતાં. આનાં ઉકેલ માટે તેઓ વિદ્યાબળે પદ્મદ્રહ પર જઇ ત્યાંથી લક્ષ્મીદેવી પાસેથી સહસ્રદળ કમળ સહિત ૨૦લાખ પુષ્પો વિમાન દ્વારા લાવ્યા, જેથી શાસનનો ઉદ્યોત થયો અને રાજા સહિત સમગ્રનગર જિનધર્મી બન્યું. પ્રાંતે રથાવર્તગિરિ ઉપર અનેક મુનિઓ સાથે અણસણ કરી તેઓ સ્વર્ગવાસ પામ્યા, તે સાથે જૈન સંઘનો એક યુગ સમાપ્ત થયો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સિદ્ધસેન દિવાકરસૂરિ

'કવિઓ ઘણા થયા ને થાય, પણ બધા સિદ્ધસેનથી હેઠ' –આવી લોકોક્તિ જેમના માટે પ્રચલિત થઈ તે આચાર્ય સિદ્ધસેન દિવાકર મૂળે તો બ્રાહ્મણ પંડિત; ભારે ગર્વિષ્ઠઃ મારા જેવો કોઈ વિદ્વાન નહિ, ને મને જે હરાવે તેનો શિષ્ય બની જઈશ– આવો એમનો ગર્વ. એકવાર એમને આચાર્ય વૃદ્ધવાદિસૂરિનો ભેટો થઈ ગયો, અને તેમની સાથેના શાસ્ત્રાર્થમાં તેઓ બે વખત હાર્યા. હાર્યા એવાં જ બધું પડતું મૂકીને તેઓના શિષ્ય થઈ ગયા. દીક્ષા લઈ દીધી. પ્રતિભા અપૂર્વ એટલે જોતજોતામાં આચાર્ય બન્યા, અને ગુરુએ બધો ભાર તેમને સોંપી દીધો. તેમને વિવિધ સિદ્ધિઓ પણ વરેલી. જેના પ્રભાવે તેમણે મંત્રસૈનિકો તથા સુવર્ણ પેદા કરીને રાજા દેવપાળને શત્રુઓથી બચાવી લીધો.

એક પ્રસંગે બ્રાહ્મણ વિદ્વાનોએ ઠેકડી કરી કે તમારા તીર્થંકર અજ્ઞાન હતા, જે સંસ્કૃત ને બદલે સ્ત્રીઓ અને બાળકો બોલે તેવી પ્રાકૃત-લોકભાષામાં સૂત્રો બનાવ્યા !- સૂરિજીએ તરત બધા ધર્મસૂત્રોને સંસ્કૃતમાં ફેરવી નાંખવાનો સંકલ્પ કર્યો, ને ગુરુજીની રજા માંગી, ગુરુએ તેમને આવો-તીર્થંકરોની અવજ્ઞા સમાન વિચાર કરવા બદલ ઠપકો આપ્યો અને આના પ્રાયશ્ચિતરૂપે ૧૨ વર્ષ



અજ્ઞાતવાસ રહેવાનું અને અંતે વિશિષ્ટ શાસન પ્રભાવના કરવાનું કહ્યું. તેમણે તે સ્વીકાર્યું. બાર વર્ષના અંતે તેઓ ઉજ્જૈનીએ આવ્યા- અને ભગવાન મહાદેવના મંદિરમાં જઈ, શિવલિંગ સામે પગ થાય તેમ સૂઈ ગયા. પૂજારીઓ, ભક્તો અને છેવટે રાજસૈનિકોએ તેમને ત્યાંથી ઉઠાડવા-ખસેડવા ઘણી મહેનત કરી; માર્યા પણ ખરા, પણ તેઓ ન જ હટ્યા. છેવટે સ્વયં રાજા વિક્રમ ત્યાં આવ્યો ને તેણે સૂરિજીને વીનવ્યા, તો સૂરિજીએ ત્યાં ઉભા થઈને બત્રીશ બત્રીશી નામે બૃહત્ સ્તોત્રનું સર્જન કર્યું, જેના પ્રભાવે ત્યાં શિવલિંગની નીચેથી અવંતી પાર્શ્વનાથની શ્યામ પ્રતિમા પ્રગટ થઈ. આથી પ્રભાવિત થયેલા રાજાએ તથા હજારો નગરજનોએ સૂરિજીને ઓળખ્યા અને જૈન ધર્મ સ્વીકાર્યો. સૂરિજી પુનઃ ગચ્છારૂઢ થયા, ને રાજસભામાં તેમને માનભર્યું સ્થાન તથા પાલખી વગેરેનું માન મળ્યું. તે બધાથી પ્રમાદી બનેલા સૂરિજીને ગુરુએ પુનઃ પ્રતિબોધ પમાડી નિગ્રંથતાનો મર્મ સમજાવતાં સૂરિજી પુનઃ અપ્રમત્ત બન્યા. તેમણે રચેલા સંમતિતર્ક, શક્રસ્તવ, બત્રીશી વગેરે ગ્રંથો જૈન સંઘનો અણમોલ ખજાનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ એટલે જૈન ઈતિહાસનું પરિવર્તન- બિંદુ. જૈન આગમોની શ્રુતપરંપરા એમના સમયમાં લેખન-પરંપરા રૂપે પરિવર્તિત થઈ. દ્વાદશાંગી નામનું બારમું અંગ દૃષ્ટિવાદ, તેના અંતિમજ્ઞાતા આ શાસનમાં તે મહાપુરુષ થયા.




તેમના પૂર્વજન્મનો પ્રસંગ પણ બહુ રોચક અને વિશિષ્ટ છે. ગત જન્મમાં તેઓ સૌધર્મ દેવલોકમાં ઈન્દ્રના સેનાપતિ હરિણૈગમેષી દેવ હતા. આ એ જ દેવ કે જેમણે ભગવાન મહાવીરને, ઈન્દ્રની આજ્ઞા અનુસાર, દેવાનંદાની કૂખમાંથી ત્રિશલામાતાના ગર્ભમાં સ્થાપ્યા હતા. કાળાંતરે સ્વયં ભગવાન મહાવીરે ઈન્દ્રને કહ્યું કે આ હરિણૈગમેષી દેવ અહીંથી મનુષ્ય થશે અને મારા શાસનમાં દેવર્ધિગણિના નામે અંતિમ પૂર્વધર આચાર્ય થશે. આ વચનોથી પ્રસન્ન તથા જાગૃત બનેલા તે દેવે, પછી પોતાના વિમાનમાં એક સ્થળે એક કાવ્ય લખ્યું, જેમાં પોતાના સ્થાને હરિણૈગમેષી તરીકે ઉત્પન્ન થનાર નવા દેવને ઉદ્દેશીને તેણે સૂચવ્યું કે "તમારે મને શોધી કાઢીને મને સંસારની વિષમતા સમજાવી ધર્મબોધ પમાડવો.' પછી આયુષ્યની સમાપ્તિ થતાં તે દેવ વેરાવળ બંદરના કામર્ધિશ્રેષ્ઠિના પુત્ર તરીકે અવતર્યો. નામે દેવર્ધિ. યુવાની આવી, પણ તે ભોગ વિલાસ અને શિકારમાં જ રાચ્યો માચ્યો રહેવા લાગ્યો. આથી તેને ધર્મમાં જોડવા માટે નવા હરિણૈગમેષી દેવે ઘણા પ્રયત્નો કર્યા. પણ વ્યર્થ. છેવટે તે દેવે એકવાર દેવર્ધિને પ્રાણાંત કષ્ટની સ્થિતિમાં ફસાવી દીધો, ને તે વખતે બચવાની આશામાં તરફડતા દેવર્ધિને 'પોતે કહે તે કરવાની શરત' સાથે તે દેવે જ બચાવી લીધો. પછી તેને તેના પૂર્વજન્મની વાતો યાદ અપાવતાં તેને બોધ થયો અને શ્રી લોહિત્યાચાર્ય પાસે દીક્ષા લીધી. કાળક્રમે તેઓ ક્ષમાશ્રમણ અને પૂર્વધર બન્યા. અને કાળના પ્રભાવે શ્રુતજ્ઞાનને લુપ્ત થતું જોઈ વ્યથિત બનેલા દેવર્ધિગણિએ વલભીપુર નગરે વીર સં. ૯૮૦માં ૫૦૦ આચાર્યોની એક સમિતિ યોજી, જે વલભી - વાચનાના નામે પ્રખ્યાત છે. તેમાં, વિદ્યમાન આગમો અને આગમાંશોને સુસંકલિત કરી, સકળ સંઘની સંમતિ પૂર્વક, તે શ્રુતને ગ્રંથારૂઢ કરી, લેખન-પરંપરાનો પ્રારંભ કર્યો. નંદીસૂત્ર નામનું મહાન આગમ તે તેઓની રચના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મલ્લવાદીસૂરિ ક્ષમાશ્રમણ

જૈન શાસન ઉજળું છે તેમાં સૈકે સૈકે થયેલા જ્ઞાની અને ત્યાગી મહાપુરુષોથી. પણ એ આચાર્યોની મહાનતાની પૃષ્ઠભૂમિ તપાસીએ તો ત્યાં તે મહાપુરુષોની માતાનો અલૌકિક ત્યાગ અને ભવ્ય પુરુષાર્થ જ ધરબાયેલો જોવા મળશે. આદર્શ માતાઓએ આત્મકલ્યાણ અને ધર્મસાધના ખાતર કરેલાં મહામૂલાં સમર્પણોથી જ જૈન શાસન આજે પણ જયવંતુ છે. આવી જ એક આદર્શમાતા હતી દુર્લભદેવી. વલભીપુરની વતની આ સ્ત્રીને ત્રણ પુત્રો. એ ત્રણેને ગળથૂથીમાંજ ત્યાગ પાઈને એવા કેળવ્યા કે નાની ઉંમરમાંજ ત્રણે દીક્ષા લેવા તૈયાર થયા. પોતાના ભાઇ આચાર્યશ્રી જિનાનંદસૂરિજીના ચરણોમાં ત્રણે બાળકોને સમર્પિત કરીને માતાએ સ્વયં પણ ચારિત્ર લઇ લીધું.



આ ત્રણ ભાઈઓમાં સૌથી નાનાનું નામ હતું મલ્લમુનિ. તીવ્ર બુદ્ધિમાન. ખૂબ ભણે. એ જમાનો શાસ્ત્રાર્થનો હતો. રાજસભાઓમાં વાદવિવાદ થતા, ને તેમાં થતી હાર-જીત ઉપરથી ધર્મની હાનિ-વૃદ્ધિ અંકાતી. એટલે તેજસ્વી શિષ્યોને પણ એ જ દૃષ્ટિબિન્દુથી તૈયાર કરવામાં આવતા. આવા એક પ્રસંગમાં, ભરૂચની રાજસભામાં બૌદ્ધ આચાર્યો સામે વાદની ટક્કર લેવા ગયેલા ગુરુ જિનાનંદસૂરિની હાર થઈ અને નિયત ધોરણો પ્રમાણે જૈનોએ ભરૂચ છોડી જવું પડ્યું. બાળ મલ્લમુનિનો જીવ આ દુર્ઘટનાથી હલબલી ઉઠ્યો. તેમણે ગુર્વાજ્ઞા પૂર્વક કઠોર તપ-સાધના દ્વારા ભગવતી સરસ્વતીને પ્રસન્ન કર્યા. વરદાન મેળવ્યું અને દેવીએ આપેલી એક ગાથાના વિવરણરૂપે 'દ્વાદશાર નયચક્ર' નામે વિશ્વમાં અજોડ એવો દાર્શનિક ગ્રંથ રચ્યો. યોગ્ય સમયે તેમણે ભરૂચના જ રાજદરબારમાં બૌદ્ધોની સાથે વાદ કર્યો, અને 'આ નાના બાળક નું શું ગજું ?' એવું બોલનારા બૌદ્ધોને કારમો પરાજય આપી જૈનત્વની પુનઃ પ્રતિષ્ઠા ત્યાં કરી, જેથી પ્રભાવિત થયેલા રાજાએ તેમને 'વાદી' નું બિરૂદ અર્પતાં તેઓ મલ્લવાદીસૂરિ ક્ષમાશ્રમણના નામે જગવિખ્યાત બન્યા. પણ તેમની આ ખ્યાતિના પાયામાં તેમની માતા દુર્લભદેવીનું ભવ્ય સમર્પણ હતું- એ કેમ ભૂલી શકાય ? આ મલ્લવાદીજીએ પદ્મચરિત્ર (જૈન રામકથા) તથા સંમતિતર્કની ટીકા વગેરે ગ્રંથો પણ રચ્યાના ઉલ્લેખો ઈતિહાસમાં પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# માનદેવસૂરિજી

શ્રીમાનદેવસૂરિ મહારાજના નામથી કયો જૈન બચ્ચો અજાણ હશે ?- **સૂરિઃ શ્રીમાનદેવશ્ચ** એ પદ બોલનારો પ્રત્યેક જૈન લઘુશાંતિ સ્તવ તથા તેના રચનાર શ્રીમાનદેવસૂરિજીને અવશ્ય ઓળખવાનો જ. મહાપ્રભાવક આ સૂરિજીનું વતન નડુલ - નાડોલ. ધનેશ્વર અને ધારિણી એમના પિતા-માતા. શ્રી પ્રદ્યોતનસૂરિજી એમના ગુરુદેવ. બાલ્યવયમાં જ ચારિત્ર લઈને પ્રચંડ મેધાના બળે તેઓ સમર્થ વિદ્વાન અને ગુરુકૃપાપાત્ર બન્યા. તેમના તપ-ત્યાગ અને શુદ્ધ ચારિત્રના તેજથી લક્ષ્મી અને સરસ્વતી વગેરે દેવીઓ પણ આકર્ષાઈને તેમનું સાનિધ્ય પામવા આવતી. કાળક્રમે સર્વરીતે સુપાત્ર જાણીને ગુરુએ માનદેવમુનિને આચાર્ય પદારૂઢ કર્યા, પણ બન્યું એવું કે પદ પ્રદાન સમયે જ તેમના ખભા ઉપર શ્રી અને સરસ્વતી દેવી બેઠેલી ગુરુના જોવામાં આવી. આ જોઈને ગુરુનું મોં જરાક ખિન્ન થઈ ગયું. તેમને મનમાં દહેશત જાગી કે ક્યાંક આ મારો તેજસ્વી શિષ્ય કાલે લપસી તો નહિ પડે ? પણ ચકોર શિષ્ય ગુરુના બદલાયેલા મુખભાવને તરત-વરતી ગયા- અને તે જ પળે યાવજ્જીવ છ વિગઈના ત્યાગની પ્રતિજ્ઞા લઈને ગુરુને ચિંતામુક્ત બનાવ્યા. કાળાંતરે એકવાર તક્ષશિલા નગરીમાં મહામારીનો આધિદૈવિક પ્રકોપ ફેલાયો. ત્યાંના સંઘે શાસનદેવીની આરાધના કરતાં, શાસનદેવીએ શ્રીમાનદેવસૂરિજીનું નામ સૂચવ્યું. શ્રી સંઘે પોતાના પ્રતિનિધિ તરીકે વીર નામે શ્રાવકને ગુરુ પાસે મોકલ્યો. હવે બન્યું એવું કે તે શ્રાવક




મુસાફરી કરીને જ્યારે સૂરિજી પાસે પહોંચ્યો, ત્યારે સૂરિજીની સામે જયા-વિજયા-જયંતા-અપરાજિતા એ ૪ શાસનદેવીઓ બેઠેલી. શ્રાવકે તેને સામાન્ય સ્ત્રી માની લીધી, ને આચાર્ય આ રીતે સ્ત્રીઓને ભેગી કરે છે ! - તેવા વિચારે તેમનું મન અવજ્ઞાથી ઊભરાતાં તે વંદના કર્યા વિના જ સૂરિજીની સામે બેસી ગયો. તેનો આવો ઉદ્ધત વ્યવહાર જોઈ રોષે ભરાયેલી દેવીઓએ તેને પરચો બતાડ્યો. પણ સૂરિજીની સૂચનાથી છેવટે તેને છોડી દીધો. પોતાની ગેરસમજ બદલ શ્રાવકે લજ્જિત થઈને સૂરિજીની ક્ષમા યાચી, ને પોતાનું પ્રયોજન કહ્યું. સૂરિજીએ તત્કાળ મંત્રગર્ભિત પ્રભાવપૂર્ણ સ્તોત્ર - લઘુશાંતિનું નિર્માણ કર્યું અને તેના પાઠ પૂર્વક મંત્રિત જળનો નગરમાં છંટકાવ કરાવ્યો. જેને પરિણામે ઉપદ્રવો શાંત થયા. તિજયપહુત્ત સ્તોત્ર પણ આચાર્ય શ્રી માનદેવસૂરિજીની રચના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# માનતુંગસૂરિ

ભક્તામરસ્તોત્ર, તેના રચયિતા અને તેની રચનાની ભવ્ય કથા-આ બધાંથી કયો જૈન અજાણ હશે ? જનજનમાં જાણીતા આ મહાપ્રભાવક સ્તોત્રના પ્રણેતા શ્રીમાનતુંગસૂરિજી વિક્રમના છઠ્ઠા શતકના એક પ્રમુખ અને પ્રભાવક જૈનાચાર્ય હતા. રાજા વૃદ્ધ ભોજે તેમની પ્રશંસા સાંભળીને તેમને ધારાનગરી પધારવાનું આમંત્રણ મોકલતાં અવસરે તેઓ ધારા પધાર્યા. ધારા એટલે પંડિતોનું વિદ્યાતીર્થ. એક વિદ્વાન જૈનાચાર્ય પોતાને ત્યાં આવી રહ્યા છે એમ જાણ થતાં અજૈન વિદ્વાનો એમના સ્વાગત માટે સામે ગયા, અને નગરના મુખ્ય દરવાજે પધારેલા આચાર્યશ્રીની બુદ્ધિપરીક્ષા કરવા તે વિદ્વાનોએ ઘીથી છલોછલ ભરેલો એક કટોરો તેમની સામે ધર્યો: જેમ આ કટોરો ઘીથી, તેમ ધારાનગરી વિદ્વાનોથી છલોછલ છે, કેવી રીતે તેમાં સ્થાન પ્રાપ્ત કરશો? આ સમસ્યા વિદ્વાનોએ રજૂ કરી હતી. આ રીતે મર્મજ્ઞ સૂરિજીએ તત્ક્ષણ એક સળી લીધી, અને તે કટોરાના મધ્યમાં પરોવી દીધી: ઘીથી છલકાતા કટોરામાં આ સળીની જેમ હું પણ ધારાની વિદ્વત્સભાની મધ્યમાં વિરાજીશ - એવું તે ચેષ્ટામાં સૂચન હતું. વિદ્વાનો પ્રસન્ન થયા ને સૂરિજી ધારામાં પ્રવેશ્યા. રાજા ભોજ બાણ અને મયૂર જેવા





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવિદ્વાનોથી અભિભૂત હતો. તેણે સૂરિજીને તે બે જેવું કાંઇક કરી બતાવવાનો પડકાર આપ્યો. સૂરિજીએ તે ઝીલી લીધો, અને તેમની સૂચનાનુસાર તેમને ૪૪ બેડીઓથી બાંધી એક કારાગારમાં પૂરી દેવામાં આવ્યા. ત્યાં રાત્રિ સમયે દેવાધિદેવ ભગવાન ઋષભદેવના સ્મરણ - સ્તવનમાં પોતાના મન-વચન-કાયાને સમર્પિત




કરી એકાકાર બનેલા સૂરિજીના અંતરમાંથી સહજ ભક્તિયોગના સુખદ આવિષ્કાર સ્વરૂપ ભક્તામરસ્તોત્રની લલિત પદાવલિ પ્રસ્ફુટિત થઇ. તેમની તે સમર્પિત સ્તવના શ્રીઋષભદેવની સેવિકા ભગવતી ચક્રેશ્વરીને ત્યાં આકર્ષી લાવી, અને તેમના વરદ સાંનિધ્યના બળે સૂરિજીના અંગે અંગે બંધાયેલી લોહ શ્રૃંખલાઓ અને તાળાઓ આપોઆપ તૂટી જતાં, તે પ્રભાવથી તથા અદ્ભુત કવિત્વથી રાજા, પ્રજા અને વિદ્વાનો પ્રભાવિત બન્યા. અને સૂરિજીની સર્વોપરિતા તેમણે સ્વીકારી. ફલતઃ જૈન શાસનનો મહાન ઉદ્યોત થયો.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# હરિભદ્રસૂરિ


અહંકાર અધોગતિનું કારણ બને તે તો જગજાહેર બાબત છે. એટલે જ અહંકાર ઉન્નતિનું નિદાન બને ત્યારે કેટલો અચંબો થાય ! પણ ભગવાન હરિભદ્રસૂરિના જીવનનું ઉત્થાન ખરેખર તેમના અહંકારને જ આભારી છે, એમ બેધડક કહી શકાય. મૂળે તેઓ ચિત્તોડના રાજપુરોહિત. તેમની બે ભીષ્મ પ્રતિજ્ઞા : ૧ हस्तिना ताड्यमानोऽपि, न गच्छेज्जिनमन्दिरम् । - હાથીના પગતળે છૂંદાવું કબૂલ, પણ જૈન મંદિરમાં પગ ન મૂકું. પણ વિધાતા ભારે ફાંટાબાજ નીકળ્યો ! એકદા એવું બન્યું કે રાજાનો હાથી ગાંડો થયેલો, તેનાથી બચવા માટે હરિભદ્રે દોટ મૂકી, અને બીજો કોઈ આશરો ન જડતાં રાજમાર્ગ પર આવેલા જિનાલયમાં જ આશ્રય લઈને તેમણે જીવ બચાવ્યો, ને તેમની પહેલી પ્રતિજ્ઞા પર પાણી ફરી વળ્યું. એમની બીજી પ્રતિજ્ઞા એ હતી કે "હું સર્વ શાસ્ત્રો ને દર્શનોનો જ્ઞાતા; આ ભરતખંડમાં જે કોઈ વ્યક્તિ, મેં ન સાંભળ્યું હોય અને મને ન સમજાય- ન આવડે તેવું વચન સંભળાવે, તેનો હું શિષ્ય થઈ જઈશ." પોતાના આ અહંના પ્રતીકરૂપે તેઓ પેટ પર સોનાનો પાટો બાંધતા અને બીજા પણ ઘણાં ચિહ્નો રાખતા. પણ એકવાર એવું બન્યું કે રાત્રિવેળાએ તેઓ રાજમાર્ગે પસાર થતા હતા, ને એક ધર્મસ્થાનમાં બિરાજમાન જૈન સાધ્વીજી-યાકિની મહત્તરા બૃહત્સંગ્રહણી નામે જૈન પ્રાકૃત ગ્રંથનો સ્વાધ્યાય કરી રહ્યાં હતાં, તે ગાથાઓ સાંભળીને હરિભદ્ર થંભી ગયા, તેમને તે ગાથાનો અર્થ તો ઠીક, પણ શબ્દ પણ ન સમજાયો. તત્ક્ષણ તેમનો ગર્વ ગળી ગયો. તેમને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પ્રતિજ્ઞા સાંભરી ને તેઓ તરત યાકિની સાધ્વી પાસે ગયા. ગાથાનો સંદર્ભ તથા અર્થ પૂછ્યા ને સાધ્વીજીને પોતાની પ્રતિજ્ઞાની વાત કરી શિષ્ય લેખે સ્વીકારવા પ્રાર્થના કરી. સાધ્વીજીએ તેમને ગુરુ આચાર્યશ્રી જિનભદ્રસૂરિ પાસે મોકલ્યાં. ત્યાં પદાર્થ સમજી, પ્રાકૃત સાહિત્ય - જૈન સાહિત્યનું પોતાનું અજ્ઞાન કબૂલી દીક્ષા લીધી, અને કાળાંતરે આચાર્ય હરિભદ્રસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા. બૌદ્ધો સાથેના વાદમાં માર્યા ગયેલા પોતાના બે શિષ્યોની હત્યાનો બદલો લેવા ગયેલા આચાર્ય હરિભદ્રને ગુરુની હિતશિક્ષા મળતાં તેઓ પાછા ફર્યા અને તેના પ્રાયશ્ચિતરૂપે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી, પોતાની પ્રત્યેક રચનામાં તેમણે પોતાનાં ધર્મદાતા સાધ્વી યાકિનીને ધર્મમાતા તરીકે ઉલ્લેખ્યાં છે. ગરીબ શ્રાવક લલ્લિગ. તે આચાર્ય શ્રીહરિભદ્રસૂરિની કરૂણા પામીને ધનાઢ્ય બન્યો. પછી તેણે લાખેણાં રત્નો ઉપાશ્રયમાં એ રીતે ગોઠવ્યાં કે જેના પ્રકાશમાં રાત-દહાડો સૂરિજીનું ગ્રંથ સર્જન અખંડ ચાલતું રહે. ગરીબીમાંથી ઊંચા આવેલા લલ્લિગે સૂરિજીની પ્રેરણા પામીને, ગરીબ સાધર્મિકોના ઉદ્ધાર કાજે ઘણો ધનવ્યય કર્યો, અને સાથે સાથે સૂરિજીના ગ્રંથોનો પણ સર્વત્ર પ્રચાર કર્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બપ્પભટ્ટીસૂરિ


શ્રી બપ્પભટ્ટીસૂરિ અને આમરાજા : ગુરુ શિષ્યની આ બેલડી, તે જૈન ઇતિહાસના અમર પાત્રો છે. સૂરિજીનું જન્મનામ સૂરપાળ. સ્વયં ક્ષત્રિયવંશી. તેમના ગુરુજીએ સ્વપ્નમાં બાળ કેસરીસિંહને એકી છલાંગે શિખરને આંબી જતાં એક દહાડો નીરખ્યો, અને તેજ સવારે જિનમંદિરમાં તેમણે ક્ષત્રિયબાળ સૂરપાળને જોયો. તેના લક્ષણો જોતાં ગુરુજીને પેલું સ્વપ્ન સાંભર્યું. તરત તેમણે તે બાળકના માવતરનો સંપર્ક કર્યો. અને એમને આ બાળકને શાસનને સમર્પિત કરવાની પ્રેરણા આપી. એમના મનમાં આ પ્રેરણા વસી ગઈ, અને તેમણે પોતાના પ્યારા બાળકને ગુરુચરણે સમર્પી દીધો. એ ઉદારચરિત પિતા-માતાના મંગલ સ્મરણરૂપે ગુરુજીએ બાળકનું દીક્ષા-નામ પાડ્યું: બપ્પભટ્ટી. બપ્પ તેમના પિતા અને ભટ્ટી તેમની માતા, તે બેનાં નામોનું સંયોજન તે બપ્પભટ્ટી. દીક્ષા લીધી પછી એ બાળ મુનિએ એવી તો સાધના કરી કે સરસ્વતી દેવીએ પ્રસન્ન થઇ વરદાન આપ્યું. અને ૧૧ વર્ષની વયે તો આચાર્યપદ પામ્યા ! કાન્યકુબ્જ કનોજનો રાજા આમ તેમનો પરમ ઉપાસક બન્યો. તેના આગ્રહથી, ગુરુજીની આજ્ઞા પૂર્વક, સૂરિજી કનોજમાં વધુ વિહરતા. રાજા તેમનો ભક્ત છતાં તે વખતો-વખત તેમની વિદ્વતાની, શક્તિઓની તથા સાધુતાની કસોટી કર્યા કરતો. સૂરિજી યુવાન અને વળી રૂપના ભંડાર, તેથી એકવાર રાજાને કસોટી સૂઝી અને એક રૂપયૌવનાને રાતવેળાએ સૂરિજી પાસે મોકલી. સૂઇ ગયેલા સૂરિજીની તે સુંદરી સેવા કરવા માંડી, તેથી જાગી ગયેલા સૂરિજી ક્ષણાર્ધમાં જ બધુ પામી ગયા. તેમણે તત્ક્ષણ તે સ્ત્રીને બે હાથ જોડી વંદના કરી કહ્યું. "માના વાત્સલ્યનો સ્પર્શ કેવો મીઠો અને શાતાદાયક હોય તેનો તમે મને અનુભવ આપ્યો; માડી ! તમને પ્રણામ !" આ શબ્દો સાંભળતાંજ પેલી સ્ત્રી અવાચક! પછાડવા આવી હતી અને સ્વયં હારીને નીકળી ! સૂરિજીના નૈષ્ઠિક બ્રહ્મચર્યથી પ્રભાવિત બનેલા રાજાએ તેમને 'બાળબ્રહ્મચારી ગજવર'નું બિરૂદ આપ્યું. ગૌડદેશની રાજસભામાં સૂરિજીએ બૌદ્ધોને વાદમાં જીત્યા. અને ગૌડરાજ અને આમરાજા વચ્ચેના પરંપરાગત વેર-ઝેર તેમણે દૂર કર્યાં. ઉત્તમ ચિત્રકારો દ્વારા શ્રી જિનેશ્વરદેવનાં ભવ્ય, કલાત્મક ચિત્રો રચાવીને, ઠેર ઠેર તેની પ્રતિષ્ઠા કરાવી. દિગંબરો સામે વિજયી બનીને ગિરનાર તીર્થની રક્ષા તેમણે કરી, અને અનેક ગ્રંથો પણ રચ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાદલિપ્તસૂરિ


જગતમાં કોઇ જૈન આચાર્યના નામ ઉપરથી કોઇ નગરનું નામ પડ્યું હોવાનો દાખલો ઇતિહાસમાં એક જ મળે છે : પાલિતાણા - પાદલિપ્તપુર. વિશ્વના કથા સાહિત્યમાં આગવું સ્થાન ધરાવતી પ્રાકૃત મહાકથા તરંગવતીના સર્જક આચાર્ય પાદલિપ્તના યશસ્વી નામ સાથે જોડાયેલું આ નગર શ્રીશત્રુંજયતીર્થની તળેટીરૂપે સૈકાઓથી જગપ્રસિદ્ધ છે. આ પાદલિપ્ત મૂળ અયોધ્યાના શ્રેષ્ઠિપુત્ર હતા. પૂર્વના તીવ્ર સંસ્કારબળે આઠવર્ષે જ આચાર્ય નાગહસ્તી ગુરુ પાસે દીક્ષિત થયા- અને પ્રચંડ મેધાના બળે ૧૧ વર્ષની ઉંમરે તો તે આચાર્યપદે પહોંચી ગયા! આમ તો એમનું નામ હતું નાગેન્દ્ર, પણ એક વાર આહાર લેવા ગયા હશે, તે લઇને પાછા આવ્યા અને ગુરુની સમક્ષ આપનાર સ્ત્રીના સ્વરૂપનું એવું કાવ્યમય વર્ણન કર્યું કે ગુરુ પણ બાળમુનિની આ ક્ષમતાથી હેરત પામી ગયા, ને તેમના મોંમાંથી સહસા નીકળી ગયું.: તું તો પાલિત્ત (લેપાઇ ગયો) છે ! ચાલાક બાળમુનિ ગુરુના મનની દહેશત કળી ગયા. ને તેમણે કહ્યુંઃ આપની કૃપાથી હું પાલિત્ત જરૂર બનીશઃ તે ક્ષણથી તેઓ પાલિત્ત-પાદલિપ્ત તરીકે ઓળખાયા. વળી, તેઓ અનેક સિદ્ધિઓના સ્વામી હતા, અને અમુક ઔષધિઓનો લેપ પગે કરતાં આકાશમાર્ગે ઉડવાની ક્ષમતા પણ તેઓ ધરાવતા. આ યોગના બળે તેઓ નિત્ય પ્રભાતે શત્રુંજય-ગિરનાર-અષ્ટાપદ-સમેતશિખર અને મથુરા એ પંચતીર્થીની યાત્રા કરતા અને પછી આહાર લેતા. આ પાદલેપની શક્તિના કારણે પણ તેમનું નામ પાદલિપ્ત પડ્યું હોય તે સંભવિત છે.



એકવાર રસયોગી નાગાર્જુન તેમની પાસે આવ્યો, અને પોતે મેળવેલો સિદ્ધરસ તેમને ભેટ ધર્યો. પાદલિપ્તસૂરિ તો નિર્ગ્રંથ શ્રમણ! તેમણે તે રસને ઢોળી નાંખ્યો. આથી નાગાર્જુન ખૂબ અકળાઇ ગયો. એટલે મંદ મંદ સ્મિત ફરકાવતા ગુરુએ પોતાના સ્પર્શમાં તથા મળમૂત્રાદિમાં પણ કેવી સ્વર્ણસિદ્ધિ છે તેનો તેને પરચો બતાવ્યો- ને કહ્યું કે આ સિદ્ધિ હોય પછી તારા રસનો મારે શો ખપ? પણ આ સિદ્ધિ અઘરી નથી; અઘરું તો આ બધી સિદ્ધિઓ અને ચમત્કારોને ત્યાગીને આત્મસિદ્ધિ મેળવવી તે છે.

આ પછી નાગાર્જુન તેમનો શિષ્ય અને પરમભક્ત બની રહ્યો. આ પાદલિપ્તસૂરિએ રચેલા નિર્વાણકલિકા વગેરે ગ્રંથો આજે પણ સંઘમાન્ય છે. અનેક રાજાઓ તેમનાથી ધર્મબોધ પામ્યા હતા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## સૂરાચાર્ય

ગુજરાતમાં સોલંકી રાજાઓના યુગમાં જે મહાન જૈનાચાર્યો થયા છે, તેમાં સૂરાચાર્યનું નામ મોખરે છે. તેમની વિદ્વત્તા અને કાવ્યશક્તિ અજોડ હતી. તેઓ શિષ્યોને ભણાવતા ત્યારે પાઠ ન આવડે તો શિષ્યોને ઓઘાની દાંડી વતી ફટકારતા. જેને લીધે દાંડી વારંવાર તૂટી જતી. આથી તેમણે લોખંડની દાંડી ઓઘામાં રાખવાનું વિચાર્યું. આ વાતની જાણ તેમના ગુરુજીને થતાં તેમણે વાર્યા અને ઠપકો આપતાં કહ્યું: "જ્ઞાનનો બહુ ગર્વ હોય તો રાજા ભોજની વિદ્વત્સભાને જીતી આવો, અને જિનશાસનનો જય ધ્વજ લહેરાવો. બાકી લોહદંડ તો યમનું હથિયાર છે તે આપણાથી ન રખાય." સૂરિજીએ ગુરુવચન માથે ચડાવ્યું. યોગાનુયોગ બન્યું એવું કે તે દિવસોમાં રાજાભોજ તરફથી ગૂર્જરપતિ ભીમદેવની સભાની વિદ્વત્તાની તથા સંસ્કારિતાની કસોટી માટે એક માર્મિક સમસ્યા-શ્લોક આવેલો, જેનો તેવોજ માર્મિક જવાબ આપવા માટે સમર્થ વિદ્વાનની રાજાને જરૂર પડી. તે વખતે રાજમંત્રીઓ તથા અન્ય પંડિતોને સૂરાચાર્ય સાંભર્યા. એટલે રાજાને સૂચવીને તેઓને બોલાવ્યા. સૂરાચાર્યે બધી વાત જાણી, તો તેમને ગુરુવચનને સફળ કરવાની તક હાથવેંતમાં જણાઈ. તેમણે તત્કાળ રાજા ભોજને મોકલવાનો કાવ્ય સંદેશો રચી આપ્યો, જે સાંભળતા સભા તો ડોલી ગઈ જ, પણ એ સંદેશો સાંભળીને માળવાની વિદ્વત્સભા પણ હેરત પામી ગઈ કે ગુજરાતમાં આવા પંડિતો છે ? પછી તો ઉત્તરોત્તર આવી કાવ્ય સમસ્યાઓનું આદાન-પ્રદાન સતત ચાલતું રહ્યું, જેના પરિણામરૂપે એકવાર સૂરાચાર્યને રાજાભોજ તરફથી પોતાની વિદ્વત્સભામાં આવવાનું અને શાસ્ત્રચર્ચા દ્વારા જય-પરાજયનું આહ્વાન મળ્યું. ગુજરાતની પ્રતિષ્ઠા અને જિનશાસનનો ઉદ્યોત આ બે મુદ્દાઓથી પ્રેરાઈને સૂરાચાર્યે તે આહ્વાન સ્વીકાર્યું; અને વિહાર કરી માળવા પહોંચ્યા. યુદ્ધની ભાષા વાપરીએ તો, તેમણે ત્યાં પહોંચીને ત્યાંની વિદ્વત્સભાને પોતાના પાંડિત્યથી ઘમરોળી નાંખી- એમ કહી શકાય. છેવટે વાદ-વિવાદનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે સૂરાચાર્યની પ્રતિભાથી ડઘાઈ ગયેલા પંડિતોએ એક નાના બાળકને પોપટની જેમ પઢાવીને શાસ્ત્રાર્થ કરવા બેસાડ્યો. સૂરાચાર્ય બધી વાત તરત પામી ગયા, ને તેમણે બાળકને એવી સલૂકાઈથી રમાડ્યો કે બાળકે "મારી પાટીમાં આવું જ લખેલું: મને તો આવું જ ગોખાવેલું." એવું કહીને પોલ ઉઘાડી પાડી દીધી. છેવટે પંડિતો સાથે વાદ થયો, તેમાં સૂરાચાર્ય વિદ્વત્સભાને પરાસ્ત કરીને વિજયી નીવડ્યા. એમના વિજયથી રોષાંધ બનેલા બ્રાહ્મણોથી બચવા તેઓ મહાકવિ ધનપાળની મદદથી વિહાર કરી ગયા. તેઓ પાટણ પહોંચ્યા ત્યારે સ્વયં ગુરુએ તથા રાજા પ્રજાએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## અભયદેવસૂરિ

શ્રીજિનશાસનના આધારસ્તંભ બે : ૧ શ્રી તીર્થંકર દેવ, ૨ તીર્થંકરે પ્રરૂપેલું દ્વાદશાંગી- રૂપ પ્રવચન. તીર્થંકરદેવની અનુપસ્થિતિમાં દ્વાદશાંગીનું સંરક્ષણ-સંવર્ધન કરવાનું કામ આચાર્ય ભગવંતો સંભાળે છે. વર્તમાન શાસનમાં દ્વાદશાંગી પ્રવચનસ્વરૂપ શ્રીજિનાગમોની રક્ષા તેમજ વ્યવસ્થા કરીને આગમોની શુદ્ધ અર્થ-પરંપરા ચિરકાળ સુધી અખંડ રહે તે માટે પુરુષાર્થ કરનાર આચાર્યોમાં નવાંગી ટીકાકાર આચાર્ય અભયદેવસૂરિનું નામ પ્રથમ પંક્તિમાં આવે છે.

તેઓનું મૂળ નામ અભયકુમાર. ધારા નગરીના મહીધર શ્રેષ્ઠિના પુત્ર. ખૂબ નાની વયે દીક્ષા લીધી. તેઓ રૂપ-રૂપના અવતાર- અને વળી પ્રચંડ બુદ્ધિના સ્વામી હતા. તેથી તેમના પ્રત્યે લોકો વિશેષતઃ સ્ત્રીવર્ગ-વિશેષ આકર્ષાતા. આથી ચિંતિત બનેલા ગુરુદેવની ચિંતાના શમન માટે તેમણે કઠોર તપ અને જ્ઞાન સાધનાનો માર્ગ અપનાવ્યો. શાસનદેવી દ્વારા સ્વપ્નમાં મળેલ નિર્દેશાનુસાર તેમણે દ્વાદશાંગી પૈકી નવ અંગ સૂત્રો ઉપર વિવરણ રચવાનું આરંભ્યું. દૈવયોગે અશુભકર્મના ઉદયે તેમને શરીરે રક્તપિત્ત પ્રકારનો કુષ્ઠરોગ થઈ આવ્યો. જેથી તેજોદ્વેષીઓએ વાત ચલાવી કે એમણે આગમોનું વિવરણ કરતાં ઉત્સૂત્રપ્રરૂપણા કરી છે; જેનું આ ફળ એમને મળ્યું ! ને આવી વાત લોકોમાં સ્વીકૃતિ પણ ઝટ પામે. આથી અત્યંત વ્યથિત આચાર્યદેવે શાસનદેવનું આરાધન કર્યું. અને પોતાને લાગેલા કલંકનું નિવારણ ન થાય તો આત્મવિલોપન કરવાને ઉત્સુક થયા. પુણ્યયોગે શાસનદેવ આવ્યા, ને તેઓ નિર્દોષ હોવાની ખાતરી આપવા સાથે જરૂરી માર્ગદર્શન આપ્યું. તે અનુસાર સૂરિજી વિહાર કરી સ્તંભનકપુર - આજનું થામણા (ઉમરેઠ પાસે) પધાર્યાં. ત્યાં શેઢીનદીના કાંઠે એક ગોવાળની એક ગાયનું દૂધ એક સ્થળે આપમેળે ઝરી જતું હતું, તે સ્થળ શોધી કાઢ્યું, અને "જયતિહુઅણ સ્તોત્ર"ના સર્જન સ્તવનના દ્વારા શ્રી સ્તંભનપાર્શ્વનાથની નીલરત્નમય પ્રાચીન પ્રતિમા ધરતીમાંથી પ્રગટ કરી. સંઘે વિધિપૂર્વક તેનું સ્નાત્ર કર્યું. અને તેનું સ્નાત્રજળ સૂરિજીના અંગે લગાડતાં જ તેઓના રોગો શમ્યા. અને પૂર્ણતઃ સ્વસ્થ બની ગયા. આ પછી તેમણે નવાંગી ટીકાની રચના પરિપૂર્ણ કરી, સંઘ ઉપર મહાન ઉપકાર કર્યો. એમ કહેવાય છે કે શાસનદેવે તેમને એક દિવ્ય આભૂષણ સમર્પેલું. જેથી રાજદરબારમાં પ્રાપ્ત કિંમતની રકમમાંથી આ નવાંગી ટીકાની સેંકડો હસ્તપ્રતો લખાવી પ્રચારવામાં આવેલી.


સૂરિજીની સમાધિ કપડવંજના તપગચ્છ ઉપાશ્રયમાં આજે પણ મોજૂદ છે. સ્તંભનક પાર્શ્વનાથનું તે બિંબ ખંભાત - સ્તંભતીર્થમાં બિરાજે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## હેમચન્દ્રાચાર્ય


જૈન ધર્મનું બીજું નામ અહિંસા. અહિંસા એ જૈન ધર્મનો પ્રાણ છે. જગતના હરએક જીવનું કલ્યાણ કરવાની બળકટ વૃત્તિમાંથી ઉદ્ભવનારી શક્તિનું નામ છે અહિંસા. અહિંસાની આ શક્તિને પોતાના રોમ-રોમમાં ખીલવનારા એક યુગપુરુષ આજથી નવસો વર્ષો પૂર્વે ગુજરાતમાં થઇ ગયાઃ હેમચંદ્રાચાર્ય. મૂળે ધંધુકાના મોઢવણિક ચાચિગ અને માતા પાહિણીના લાખ ખોટના દીકરા. નામ ચાંગદેવ. એમના જન્મ પહેલાં પાહિણીને સ્વપ્ન આવેલું. તેમાં પોતાને લાખેણા અને તેજોમય રત્નની પ્રાપ્તિ થયાનું તેણે જોયેલું. એ રત્ન તે જ ચાંગદેવ -એવી શ્રદ્ધા તેને ગુરુવચને બેઠેલી. એકદા, પાંચ વર્ષના ચાંગદેવને લઇને પાહિણી જિનમંદિરે ગઇ. ત્યાંથી ઉપાશ્રયે ગુરુવંદને ગઈ. તો ત્યાં ગુરુજી બહાર ગયા હોવાથી આસન ખાલી હતું. એમનું આસન ખાલી જોઇને બાળક ચાંગદેવ તે ઉપર એકાએક બેસી ગયો. આ જોઇને ગભરાયેલી પાહિણીને તેજ પળે બહારથી પધારેલા ગુરુ દેવચંદ્રસૂરિએ શાંત કરી, અને આ રત્ન જેવું બાળક ભાવીમાં શાસનનું અમૂલું રત્ન નીવડશે તેવી આગાહી કરી તેને પોતાને સમર્પી દેવાની માગણી મૂકી. પાહિણીએ તે પ્રેરણા હરખભેર ઝીલી, અને ચાંગદેવને ગુરુ ચરણે સમર્પી દીધો. કાળક્રમે ચાંગદેવને ગુરુજીએ દીક્ષા આપી તેને મુનિ સોમચંદ્ર નામ આપ્યું. નાની ઉંમર છતાં તેમની ક્ષમતાઓ અસાધારણ હતી. એક પ્રસંગે તેઓ ગુરુજી સાથે કોઇ ગરીબ ગૃહસ્થને ત્યાં આહારાર્થે ગયા, તો ત્યાં એક ખૂણામાં તેમણે સોનાનો ઢગલો ખડકાયેલો જોયો. તેમણે ગુરુજીને કહ્યું કે આટલું બધું સોનું છે છતાં આ આવી રીતે કેમ રહે છે ? પેલો ગૃહસ્થ ચકોર હતો. તેણે વાત પકડી લીધી, ને ગુરુજી કાંઇ સમજે તે પહેલાં તો તેણે બાળ સાધુને ઉંચકીને પેલા ઢગલા ઉપર બેસાડી દીધા ! વાસ્તવમાં તે ઢગલો કોલસાનો હતો, પણ પુણ્યવંત મુનિના પ્રભાવથી તે સુવર્ણમાં પરિણમતા તે ગૃહસ્થની દશા સુધરી ગઈ. આ પછી તો સરસ્વતી દેવીને પ્રસન્ન કરીને સિદ્ધ સારસ્વત બનેલા મુનિ સોમચંદ્રને ગુરુએ ૨૧ વર્ષની વયે આચાર્ય પદાર્પણ કર્યું. ત્યારથી તેઓ હેમચંદ્રાચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા. ગૂર્જરપતિ સિદ્ધરાજ જયસિંહના અનુરોધથી તેમણે સિદ્ધહેમ વ્યાકરણની અદ્ભુત રચના કરી, જેના હર્ષમાં રાજાએ હાથીની અંબાડી પર તે ગ્રંથ પધરાવીને જ્ઞાન યાત્રાનો ભવ્ય વરઘોડો ચડાવ્યો. આ ઉપરાંત પણ તેમણે ઘણા ગ્રંથો લખ્યા.

સિદ્ધરાજના ક્રોધનો ભોગ બનેલા કુમારપાળને તેમણે ખંભાતમાં પોતાના ગ્રંથભંડારમાં સંતાડીને રાજસુભટોથી બચાવી લીધો- અને કાળાંતરે કુમારપાળ રાજા થતાં તેને પ્રતિબોધીને ગુજરાત સહિત ૧૮ દેશોમાં અહિંસા ધર્મનું પ્રવર્તન કરાવ્યું. સાત વ્યસનો નાબૂદ કરાવ્યાં. ગુજરાતમાં અહિંસા, સદાચાર અને નિર્વ્યસનનાં ઊંડાં મૂળિયાં આ રીતે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે રોપ્યાં છે.



# જિનદત્તસૂરિ


વિક્રમના બારમાં સૈકામાં થયેલા પ્રભાવક જૈનાચાર્યોમાં દાદા જિનદત્તસૂરિનું નામ અને કામ અવિસ્મરણીય છે. એમની જન્મભૂમિ ધોળકા. બચપણમાં જ એવા ઉત્તમ લક્ષણો એમનામાં વિકસેલાં, કે જે જોઈને એક સાધ્વીજી મહારાજે એમનાં માતા બાહડદેવીને પ્રેરણાનાં પીયૂષ પાયાં કે "તમે આ બાળકને શાસનને ચરણે સમર્પી દો, તો જૈન ધર્મની ઉન્નતિનું એ કારણ બનશે." માતાના મનમાં વાત જચી ગઇ. અને તેણે પુત્રને ગુરુચરણે સમર્પી દીધો. દીક્ષા લઈને બાળમુનિ સોમચન્દ્ર તરીકે સ્થપાયેલા તે મુનિ-જ આગળ જતાં દાદા જિનદત્તસૂરિના નામે જગવિખ્યાત આચાર્ય બન્યા. તેમની પવિત્રતા, બ્રહ્મચર્ય, વિદ્વત્તા, ઉદારતા અને વિશિષ્ટ પ્રતિભાને કારણે તેઓ જૈન શાસનના ગગનમાં સૂર્યની માફક પ્રકાશતા રહ્યા. તેમણે ગચ્છમાં શિથિલાચારને નાબૂદ કર્યો. તેમની પ્રેરણાથી એકી સાથે ૫૦૦ પુરુષો તથા ૭૦૦ બહેનોએ દીક્ષા અંગીકાર કરેલી. લાખો આત્માઓને તેમણે જૈન બનાવ્યા. તેમની સાધનાના પ્રભાવે ૬૪ યોગિની, બાવનવીર તથા પાંચ વીર સદાય તેમની સેવામાં રહેતાં. નાગદેવ નામના એક શ્રાવકને એક દહાડો 'યુગપ્રધાન કોણ ?' એ જાણવાની જિજ્ઞાસા થઈ. તેણે અંબિકાદેવીની ઉપાસના કરી. પ્રસન્ન થયેલાં દેવીએ તેની હથેલીમાં અક્ષરો લખ્યા, ને કહ્યું કે "જે વ્યક્તિ આ અક્ષરોને વાંચી શકશે તેને યુગપ્રધાન જાણજે-" નાગદેવે જિનદત્તસૂરિને એ હકીકત જણાવતાં તેમણે વાસક્ષેપ કરવા દ્વારા તે અક્ષરોને પ્રકાશિત કરી આપ્યા, જેથી તેમનો જયજયકાર થયો. સૂરિજી પરકાયા-પ્રવેશ આદિ વિદ્યાઓના જ્ઞાતા હતા. એક મુલ્લાનો પુત્ર મરણ પામતાં તેનો શોક નિવારવા તથા બોધ પમાડવા ખાતર તેમણે તેના પુત્રને વિદ્યાબળે પુનર્જીવિત કરી વાતચીત કરાવી મુલ્લાને શાંત કર્યો. આથી પ્રભાવિત બનેલા મુસ્લિમો તેમના અનન્ય ઉપાસક બની ગયા. એજ રીતે એકવાર અજમેરમાં પ્રતિક્રમણ ચાલુ હતું ને ત્યાં જ વીજળી પડી, તો સૂરિજીએ વીજળીને મંત્રબળે થંભાવી તે ઉપર કાષ્ઠપાત્ર ઢાંકી દીધું, ને સૌનું રક્ષણ કર્યું. જૈન સંઘના ઈતિહાસમાં સૂરિજીનું નામ સોનાની શાહીથી લખાયું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધર્મઘોષસૂરિ


જિનશાસનના આઠ પ્રભાવક ગણાવ્યા છે. તેમાં એક છે મંત્ર પ્રભાવક. પોતાની બ્રહ્મનિષ્ઠા અને સત્ત્વશીલતાને બળે કોઇ મહાપુરુષ અનેક વિદ્યા અને મંત્રોની સાધના દ્વારા દિવ્ય તત્ત્વોનો સહયોગ પ્રાપ્ત કરે, અને તેનો વિનિયોગ અવસરે સંઘની રક્ષા કે શાસનની સેવા - પ્રભાવના અર્થે કરે તેનું નામ મંત્રપ્રભાવક.



વિક્રમના ૧૪મા શતકમાં થયેલા, ધર્માત્મા પેથડશા મંત્રીના ઉપકારી, પરમ ત્યાગમૂર્તિશ્રી ધર્મઘોષસૂરિજી આવા જ મંત્ર પ્રભાવક હતા. મૂળ નામ વીરધવલ. લગ્નની ચોરીમાં પ્રવેશ્યા ને કોઇ નિમિત્ત મળી આવતાં તેમને વૈરાગ્ય થયો. તત્કાલ તપગચ્છપતિ દેવેન્દ્રસૂરિજી પાસે દીક્ષા ગ્રહી, તે જોઇ તેમના ભાઇએ પણ દીક્ષા લીધી. જ્ઞાનધ્યાનાદિના પ્રતાપે કાળક્રમે આચાર્યપદ પામ્યા. તેમના જીવનની કેટલીક પ્રસિદ્ધ ઘટનાઓ આવી છેઃ ૧. સૌરાષ્ટ્રના દરિયાકાંઠે જઇ તેમણે સમુદ્રસ્તોત્રની રચના કરી. તેનો પાઠ કરતાં સમુદ્રમાં ભરતી આવી અને સૂરિજીના ચરણોમાં સમુદ્રે રત્નોનો ઢગલો ખડકી દઇ પાછું પોતાનું શાંત સ્વરૂપ ધારણ કર્યું. ૨. ગોમુખયક્ષને તેમણે પ્રતિબોધ પમાડી સન્માર્ગે વાળ્યો. ૩. વીજાપુરની કેટલીક દુષ્ટ સ્ત્રીઓએ સૂરિજી ઉપરના દ્વેષથી પ્રેરાઇને કામણટૂમણ જેવાં દુષ્કૃત્યો કરવા માંડ્યાં. તો તે સ્ત્રીઓને મંત્ર બળે સ્તંભિત કરી મૂકી. છેવટે બધી કબૂલાત તેમજ ક્ષમાયાચના થતાં છોડી. ૪. અવંતી (ઉજ્જૈન)માં એક યોગી એવો માંત્રિક ને વળી જૈનોનો એવો દ્વેષી કે તે કોઇ સાધુને ઉજ્જૈનીમાં આવવા કે રહેવા ન દે. અજાણતા પણ કોઇ જાય તો તેમને મંત્રશક્તિથી એવા તો ઉપદ્રવો કરે કે તેમને ભાગી જ જવું પડે. પરિણામે સાધુઓ તે ક્ષેત્રથી દૂર જ રહેવા લાગ્યા. એકવાર શ્રી ધર્મઘોષસૂરિજી ત્યાં પધાર્યા, તો તેથી છંછેડાયેલા યોગીએ રાતના સમયે લાખોની સંખ્યામાં સર્પ-વીંછી કીડીઓ વગેરેનો પ્રકોપ ઉપાશ્રયમાં સર્જી દીધો. સાધુઓમાં નાસભાગ મચી ગઇ. આ જોઇને સૂરિજીએ વસ્ત્ર બાંધેલો એક ઘડો લીધો, અને તેના પર હાથ રાખીને સ્વયં જાપ કરવા બેસી ગયા. તે જ પળે પેલા યોગીના અંગે અંગે લાખ લાખ વીંછી ડંખતા હોય તેવી કાળી બળતરા ઉપડી. તે આળોટવા માંડ્યો. તે સમજી ગયો કે આ કોનો પ્રતાપ છે ! તરત તે ઉપાશ્રયે આવ્યો, પોતાની માયા સંહરી લીધી, સૂરિજીની ક્ષમા યાચી, હવે પછી ક્યારેય કોઇનેય નહિં રંજાડવાની પ્રતિજ્ઞા કરી. પછી સૂરિજીએ તેને મુક્ત કર્યો. આવા સૂરિજીને એકવાર સર્પદંશ થયો. તેઓ નહિ બચે તેવું જણાતાં તેમણે સમાધિ મૃત્યુની તૈયારી કરી, પણ શિષ્યો તથા સંઘનો અત્યાગ્રહ થતાં તેમણે કહ્યું કે કાલે પ્રભાતે નગરના પૂર્વ દરવાજેથી દાખલ થનારા કઠિયારા પાસે જે લાકડાં હશે તેમાં વિષહર વેલડી હશે; તે સૂંઠ સાથે ઘસીને લગાડશો તો મારું વિષ ઉતરી જશે. સંઘે તે પ્રમાણે કરીને સૂરિજીને વિષમુક્ત કર્યા. પણ તે વનસ્પતિની વિરાધનાના વિષથી બચવા માટે સૂરિજીએ તે દિવસથી યાવજ્જીવ માટે છ વિગઇનો ત્યાગ કરી દીધો. તેમણે ઘણા ગ્રંથો રચ્યા છે, જ્ઞાનભંડારો કરાવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# હીરવિજયસૂરિ



હિંદુસ્તાનના ઈતિહાસમાં મુસ્લિમ શાસનનો કાળ એ ભારે અંધાધૂંધીનો અને આંતક- છાયો કાળ રહ્યો. હિંદની અહિંસક અને ધર્મી પ્રજા માટે તો આ કાળ કેવળ અમાનુષી યાતનાનો જ કાળ બની રહ્યો છે. આમ છતાં, હિંસા અને રંજાડના એ દીર્ઘ અંધકાર યુગમાં પણ શહેનશાહ અકબર એક શીતલ પ્રકાશ વેરતો સિતારો થઈ ગયો. તેની નીતિમાં ઉદારતા વધુ હતી. કટ્ટરતા ઓછી, તેથી તેના શાસનકાળમાં પ્રજાએ જરાક ચેનનો શ્વાસ લીધો હતો, એમ કહી શકાય. અકબરનું વલણ ધર્મસહિષ્ણુતાનું તેમજ સમન્વયનું હતું. તેના દરબારમાં દરેક ધર્મોના વિદ્વાનોને સ્થાન હતું. અને નિત્ય ધર્મની, તત્ત્વની, કલા તથા વિદ્યાઓની ચર્ચા જામતી. આવી એક ધર્મચર્ચા દરમિયાન એક દરબારી દ્વારા અકબરે જૈનાચાર્ય હીરવિજયસૂરિની પ્રશંસા સાંભળી. તદુપરાંત-ચંપા શ્રાવિકાએ કરેલા છ મહિનાના સળંગ ઉપવાસનો વરઘોડો, ચંપાબાઈની શાહે કરેલી પરીક્ષા, અને તે પ્રસંગે પણ 'બધો પ્રભાવ હીરવિજયસૂરિ ગુરુનો' એવું સાંભળેલું જ. આથી અકબરે પોતાના ખાસ દૂતો મારફતે ગાંધારમાં બિરાજમાન હીરવિજયસૂરિજીને દીલ્હી આવવા આમંત્રણ પાઠવ્યું. સૂરિજી પણ સંમતિપૂર્વક શાસનના ઉદ્યોતનું કારણ સમજીને દીલ્હી પધાર્યા. માર્ગમાં અમદાવાદ આવ્યું, ત્યારે ત્યાં શાહના સુબાએ તેમનું સ્વાગત કર્યું, ને કિમતી નજરાણું ભેટ ધર્યું. પણ સૂરિજીએ પોતે સંસારત્યાગી સાધુ છે તે મુદ્દો સમજાવીને તેનો અસ્વીકાર કરતાં સૂબો પણ ચકિત થયો. ફત્તેહપુર સીક્રીના શાહી મહેલમાં અકબરની વિનંતીથી સૂરિજી પધાર્યા, ત્યારે મહેલની ફરસ ઉપર ગાલીચો બિછાવેલો, તેથી તેના ઉપર ચાલવાની સૂરિજીએ ના કહેતાં શાહે પૂછ્યુંઃ શું આની નીચે જીવડાં છે ? સૂરિજીએ હા કહેતાં શાહે તરત ગાલીચો ઉપડાવ્યો, તો નીચે સેંકડો કીડી-મંકોડા ફરતા જોવામાં આવ્યા. સૂરિજીના જ્ઞાનથી તથા દયાધર્મથી શાહ પ્રભાવિત થઈ ગયો. પછી તો તેણે સૂરિજીનો ઘણો સત્સંગ કર્યો. છેવટે તેણે સૂરિજીને કાંઈક માગવા માટે ખૂબ આગ્રહ કર્યો ત્યારે સૂરિજીએ કહ્યું કે અમે તો ત્યાગી છીએ. એટલે બીજું તો કાંઈ નથી ખપતું. પરંતુ જો તમે જીવદયા પાળો ને પળાવો તો અમને આનંદ થશે. શાહે તત્કાલ ૧૨ દિવસ માટે સમગ્ર દેશમાં અમારિનું ફરમાન જાહેર કર્યું. ઉપરાંત અસંખ્ય પશુઓ-પંખીઓને અભયદાન આપ્યું. પોતાના ખાણામાં રોજ સવાશેર ચકલીની જીભ રંધાતી, તે હિંસા બંધ કરી. આ ઉપરાંત પણ વિવિધ પ્રસંગોથી જુદા-જુદા વાર તહેવારોમાં જીવહિંસા પર પ્રતિબંધ ફરમાવ્યો. શત્રુંજય આદિ તીર્થોની માલિકી જૈન સંઘને સુપ્રત કરી. અને સૂરિજીના જ્ઞાન તથા નિઃસ્પૃહતાથી અત્યંત પ્રભાવિત બનેલા શાહે સૂરિજીને જગદ્‌ગુરુની પદવી અર્પણ કરી. શાહ જીવ્યો ત્યાં સુધી તેના દરબારમાં સૂરિજીના કોઈને કોઈ વિદ્વાન શિષ્યની ઉપસ્થિતિ રહે-તેવો તેણે આગ્રહ રાખ્યો હતો. આમ જગદ્‌ગુરુ હીરવિજયસૂરિજીએ જ્યારે ખરેખર જરૂર હતી ત્યારે જ અહિંસા ધર્મની-જિનશાસનની અનન્ય પ્રભાવના / સેવા કરી છે.

# યશોવિજયવાચક

મહોપાધ્યાય શ્રીયશોવિજયજીગણિ- એ આપણી નજર સમક્ષના કહી શકાય તેવા ભૂતકાળના ઇતિહાસનાં અમર પાત્ર જ નહિ પણ પ્રણેતા પણ છે. 'વાચક જસ' વિનાના ઈતિહાસની, જૈન શાસનની કલ્પના પણ કષ્ટદાયક બને, એવી એમણે શાસનસેવા બજાવી છે. તેઓ ન થયા હોત, તો આજનો જૈન સંઘ ખરેખર અનેક રીતે રાંક હોત. તેમણે જે આપ્યું છે, તેનો અત્યન્ત અલ્પ કહેવાય તેવો અંશ જ આજે બચ્યો છે, છતાં તેટલાથીયે જૈન સંઘ કેટલો સમૃદ્ધ છે!

કનોડૂના નારાયણ શ્રાવક અને સોભાગદે માતાના લાડલા, અલૌકિક પ્રતિભાના સ્વામી, ઉપાધ્યાયજી યશોવિજયજીએ પોતાની ક્ષમતાનો પ્રથમ પરચો તો પોતાની ૪-૫ વર્ષની બાળ વયે જ બતાવી દીધેલો. તે વખતે તેમનું નામ જસવંત. તેમની માતાને નિત્ય ઉપાશ્રયે જઈ ગુરુમુખે ભકતામરનો પાઠ સાંભળીને પછી જ અન્ન-જળ લેવાનો નિયમ. બાળક જસવંત પણ મા સાથે રોજ ઉપાશ્રયે જાય. એકવાર એવું થયું કે ચોમાસાનો સમય, ને વરસાદની હેલી આવી. સળંગ ૩ દહાડા સુધી વરસાદ થંભ્યો જ નહિ. ને તેથી મા ઘરની બહાર જ ન જઈ શકયાં! પણ નિયમ પાકો હતો, એટલે તેમણે તે ૩ દહાડા અન્ન-જળ ન લેતાં ઉપવાસ કર્યા. બાળક જસવંતને આ વાતનો ખ્યાલ આવતાં તેણે ચોથે દિવસે માને કહ્યું કે મા, ભક્તામર તો મનેય આવડે છે : તમને સંભળાવું ? તો તમારો નિયમ પૂરો થશે ? મા તો ડઘાઈ જ ગઈ! "અરે તને ભક્તામર શી રીતે આવડે? "જસવંત કહેઃ મહારાજ બોલે તે સાંભળતાં મને યાદ રહી ગયું છે. ને તે કડકડાટ બોલી ગયો- મહારાજની જ અદાથી. માતા રાજીરાજી. પારણું થયું. બીજા પ્રસંગે સાધુજી સાથે જસવંતે પ્રતિક્રમણ કર્યું. તો એક જ વાર સાંભળેલાં તમામ સૂત્રો તેને કંઠસ્થ ! આવી તીવ્ર સ્મૃતિ અને પ્રતિભાથી આકર્ષાયેલા ગુરુએ મા-બાપને પ્રેરણા કરતાં તેમણે હોંશે હોંશે બાળ જસંવતને ગુરુચરણે સમર્પી દીધોઃ જે દીક્ષા લઈને પંડિત શ્રી નયવિજયજી ગણિના શિષ્ય શ્રી યશોવિજયજી થયા. ગુરુએ તેમની ક્ષમતાને વિકસાવવામાં કોઈ મણા ન રાખીઃ કાશીએ લઈ જઈને એવા ભણાવ્યા કે મહાન તાર્કિક ને વિદ્વાન બન્યા. ગંગા નદીના કિનારે તમણે બીજમંત્રની સાધના દ્વારા સરસ્વતીનું વરદાન મેળવ્યું, અને કાશીના દુર્જેય વિદ્વત્સભાના ૫૦૦ પંડિતોને એકલે હાથે જીતીને ન્યાયાચાર્યનું બિરૂદ પામ્યા. અને કાશીમાં જૈનોનો પ્રવેશ સુલભ બનાવ્યો. અમદાવાદના સૂબા મહોબ્બતખાનના દરબારમાં તેમણે અઢાર અવધાનનો હેરતભર્યો પ્રયોગ કરી બતાવતાં સૂબાએ તેમને દાઢી મૂછાળાં સરસ્વતી કહીને નવાજ્યા. તેમણે સેંકડો ગ્રન્થો સંસ્કૃત-પ્રાકૃત-ગુર્જરગિરામાં રચ્યા છે. સત્તરમા સૈકાના અંધાધૂંધ કાળમાં ધર્મદ્રોહીઓ તથા જૈન દ્વેષીઓની તેમણે બરાબર ખબર લીધી છે, અને જૈન શાસનનો ધ્વજ ફરકતો રાખ્યો છે.



સં. ૧૭૪૩ માં ડભોઈ શહેરમાં તેમનો સ્વર્ગવાસ થયો હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉદયરત્ન



ભગવાન શંખેશ્વર પાર્શ્વનાથનો મહિમા જૈન સંઘમાં અપરંપાર છે. ઈતિહાસમાં તો આ પ્રભુજીના અને આ તીર્થસ્થાનના મહિમાની ગૌરવગાથાઓ આલેખાયેલી છે, પણ છેલ્લા ચારેક સૈકાથી તો, વર્તમાન કાળમાં પણ, આ તીર્થનો અલૌકિક પ્રભાવ અનુભવાતો રહયો છે. પ્રસિદ્ધ છંદ "પાસ શંખેશ્વરા સાર કર સેવકા, દેવ કાં એવડી વાર લાગે?" એની રચનાનો પ્રસંગ તે આવી જ એક ચમત્કારિક અનુભવ ગાથા સમો છે.

વિક્રમના સત્તરમા શતકમાં થઈ ગયેલા મહાકવિ ઉપાધ્યાય શ્રીઉદયરત્નજીગણિ આ છંદના પ્રણેતા. તેમની કાવ્ય-રચનાઓ આજે પણ જૈનો હોંશે હોંશે ગાય છે. મૂળ એ ખેડાના વતની શ્રાવક વર્ધમાન અને માતા માનબાઈના સુપુત્ર. દીક્ષા લીધા પછી જ્ઞાન અને સંયમના વિકાસ સાધવા સાથે ઉપાધ્યાયપદ પામ્યા. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના તેજસ્વી કવિ તારલાઓમાં પોતાનું આગવું સ્થાન પણ પામ્યા.


ઉદયરત્નજી મહારાજને શંખેશ્વર દાદા ઉપર અનન્ય શ્રદ્ધા હતી. એક વખત તેઓની સત્પ્રેરણાથી ખેડાથી શંખેશ્વરજી તીર્થનો યાત્રાસંઘ નીકળ્યો. હવે તે સમય ભારતભૂમિ માટે એવો અંધાધુંધીનો હતો કે જ્યાં જેને જેમ ફાવે તેમ વર્તતું. શંખેશ્વર તીર્થમાં પણ તે પ્રદેશના ઠાકોરનું જોર હતું. તેણે તીર્થને કબજે કરેલું, અને યાત્રિકો પાસેથી મોં માંગ્યા પૈસા પડાવીને, આપે તેને જ દર્શન કરવા દેતો. આવા વિષમ વાતાવરણમાં ઉદયરત્નજી મહારાજ સંઘ લઈને પધાર્યા. સંઘને પહોંચવામાં જરા મોડું થઈ ગયું હતું, એટલે ઠાકોરે દરવાજા ખોલવાની ના પાડી દીધી, ને કાલે પોતે માગે તેટલા દામ મળે તો જ, તે પણ થોડી ક્ષણો માટે જ, પ્રભુના દર્શન કરાવીશ - એમ કહી દીધું. પરંતુ ઉદયરત્નજી મહારાજ અને આખોયે સંઘ તો નિર્ધાર કરીને આવેલા કે દાદાના દર્શન ન થાય ત્યાં સુધી અન્નજળ લેવા નહિ ! એટલે તેમણે તો દાદાના બંધ દરવાજા પાસે જ બેઠક જમાવી અને પ્રાર્થના આરંભી. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ તેમના હૈયાં ભાવવિભોર બનતાં ગયાં. પ્રભુદર્શનની તાલાવેલી અત્યુકટ બનતી ગઈ. પરાકાષ્ઠાની એ પળોમાં એમના અંતરમાંથી સરી પડેલો આર્ત્તનાદ તે- "પાસ શંખેશ્વરા સાર કર સેવકા" નું દિવ્ય ભકિત-કાવ્ય. આ કાવ્યનું ગાન પૂરું થયું તે જ પળે દાદાના દરવાજા આપમેળે ઊઘડી ગયા! સકલ સંઘ પ્રભુના દર્શન થતાં હિલોળે ચડયો. ઠાકોર પણ આ મહાપુરુષનો આવો પ્રભાવ જોઈ થીજી ગયો. તેણે તે દિવસથી પોતાના તમામ હક ઉઠાવી લઈ તીર્થ સ્થાન સંઘને સુપ્રત કરી દીધુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિજયનેમિસૂરિ

સૂરિસમ્રાટ વિજયનેમિસૂરિજીનાં નામ અને કામથી આજનો કોઈ જૈન ભાગ્યે જ અજાણ હશે. નેમિસૂરિ એટલે સાત્ત્વિકતાની મૂર્તિ. અને બ્રહ્મચર્યના નિષ્ઠાવાન સાધક 'બાલ બ્રહ્મચારી' એ વિશેષણ, તેના તમામ અર્થ સંદર્ભો સાથે વિજયનેમિસૂરિજીમાં જ ઘટે છે. એ નિર્વિવાદ છે. વિ.સં. ૧૯૨૯ ની કાર્તક સુદ એકમે મહુવામાં જન્મ અને વિ.સં ૨૦૦૫ ની આસો વદિ ૦)) ના મહુવામાં જ કાળધર્મ- આ તેમના જીવનની અજોડ ઘટના છે. ૧૬વર્ષની વયે ઘરેથી ભાગીને, જાતે વેષ પહેરી પૂજ્ય વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય મુનિનેમિવિજય તરીકે દીક્ષા લીધી. ખૂબ જ્ઞાનાભ્યાસ કરી આપબળે આગળ આવ્યા. સં. ૧૯૬૪ માં આચાર્ય પદવી મળી, ત્યારે વિધિપૂર્વક યોગોદ્વહન કરીને થયેલા આ કાળના તેઓ પ્રથમ સુવિહિત આચાર્ય બન્યા. આ પછી જીવનમાં તેમણે જે કાર્યો કર્યાં છે, તેની ટૂંકી નોંધ પણ હેરત પમાડે તેવી છે. તેમણે દરિયા કાંઠે વિચરીને સેંકડો માછીમારોને જીવહિંસા છોડાવી. જાળો બળાવી નાંખી. ઠેર-ઠેર પાંજરાપોળોની સ્થાપના તથા જીર્ણોદ્ધાર કરાવી જીવદયાનાં અદ્‌ભુત કાર્યો કર્યાં. દુષ્કાળ અને જલપ્રલય વખતે માનવરાહત, તથા સાધર્મિક સહાયનાં કાર્યો પણ કરાવ્યાં. સૌરાષ્ટ્ર તથા રાજસ્થાનમાંનાં દેશી રાજ્યોનાં મોટા ભાગના રાજા-રાણીઓ તેમના ભક્ત બનેલા. કદંબગિરિ, કાપરડા, શેરીસા આદિ અનેક તીર્થોના જીર્ણોદ્ધાર તથા તારંગા, શિખરજી, શત્રુંજય, ગિરનાર, અંતરિક્ષ, મક્ષીજી આદિ અનેક તીર્થોની રક્ષા તેમણે કરેલ છે. જૈન મુનિઓમાં લુપ્ત થયેલી યોગોદ્વહનની તથા જ્ઞાનાભ્યાસની પ્રક્રિયાને તેમણે પુનર્જીવિત કરી છે. આજની વ્યાખ્યાન પદ્ધતિના તથા પ્રાચીન ગ્રન્થોના પ્રકાશનની પ્રવૃત્તિના આદ્ય પુરસ્કર્તા વિજયનેમિસૂરિજી છે. સં. ૧૯૯૦ના મુનિ સંમેલનના સફળ અધ્યક્ષ પણ તેઓ જ હતા. તેમના પ્રતાપી ચહેરા અને ઓજસ્વી વાણીના કારણે સંઘમાં તેઓ શાસનના સિંહ તરીકે વિખ્યાત બનેલા. સેંકડો શિષ્યાદિનો પરિવાર ધરાવતા સૂરિજીના આઠ પટ્ટશિષ્યો જુદી જુદી જ્ઞાનશાખાઓના પ્રકાંડ અને સંઘમાન્ય વિદ્વાન આચાર્યો હતા. આવા ગુરુ અને આવા સમર્થ શિષ્યોની જોડ સાંપ્રત ઈતિહાસમાં મળી શકે તેમ નથી. સૂરિજીએ સ્વયં પણ અનેક ગ્રન્થો રચ્યા છે.

જેમ હેમચંદ્રાચાર્યનો યુગ તે હેમયુગ કહેવાયો. હીરવિજયસૂરિનો યુગ તે હીરયુગ ગણાયો તેમ શાસનસમ્રાટનો યુગ તે જૈન જગતમાં નેમિયુગ તરીકે ચિરકાળ પર્યંત યાદ રહેશે.





## સત્ય : દેખાવનું અને વાસ્તવનું

ચંડરુદ્રાચાર્ય અને અંગારમર્દકાચાર્ય - બે માં એક નોંધપાત્ર તફાવત આંખે ઊડીને વળગે તેવો છે. (જોવા મળે છે). એકનો વ્યવહાર કષાય-ભરેલો છે, તો બીજાનો વ્યવહાર એકદમ શાંત. શુદ્ધ અને સ્વચ્છ છે. એકની સમક્ષ જતાં પણ લોકો ડરે છે, તો બીજાથી સહુ કોઈ અંજાય જાય છે, પ્રભાવિત બને છે. આમ છતાં, કષાય કરનારને કેવળજ્ઞાન થાય અને વ્યવહાર શુદ્ધિ ધરાવનાર કાયમ માટે કેવળજ્ઞાનને અપાત્ર ઠરે. તેનું રહસ્ય એક જ: **પરિણતિ.**

ચંડરુદ્રાચાર્યની પરિણતિ આત્મકલ્યાણલક્ષી છે; જ્યારે અંગારમર્દકની પરિણતિ આત્મદ્રોહી છે. બીજી રીતે, ચંડરુદ્રાચાર્યનો કષાય એ દેખાવનું સત્ય છે; તેમની આત્મરમણતા એ વાસ્તવનું સત્ય. તો અંગારમર્દકની પ્રવૃત્તિ એ દેખાવનું સત્ય હતુ; એની આત્મવિમુખ પરિણતિ તે વાસ્તવિક સત્ય હતી. માટે જ વિવેકી પુરુષો શીખવે છે. બહારનું જોઈને અંજાવું પણ નહિ અને બહારનું જોઈને મૂંઝાવું પણ નહિ.

PRINTED BY : KIRIT GRAPHICS.Ph :535 26 02.
Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org